dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 09 | Issue- 70 | AD - 2025, Magshar Vad - 09 | Saturday, Dt.13-12-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### વસ્તી ગણતરી ૨૦૨૭ એ અત્યાર સુધીની ૧૬મી અને સ્વતંત્રતા પછીની ૮મી વસ્તી ગણતરી હશે

## ૨૦૨૭ની વસ્તી ગણતરી માટે રૂા.૧૧,૭૧૮ કરોડના બજેટને કેન્દ્રીય કેબિનેટની મંજૂરી

નવીદિલ્હી,તા.૧૨

કેબિનેટે શુક્રવારે ત્રણ મહત્વપૂર્ણ નિર્ણયોને મંજૂરી આપી. કેબિનેટે વસ્તી ગણતરી માટે ૧૧,૭૧૮ કરોડના બજેટને મંજૂરી આપી. કેન્દ્રીય મંત્રીમંડળે કોલસા જોડાણ નીતિમાં સુધારો કરવા માટે કોલસેતુ નીતિને પણ મંજૂરી આપી. સરકારે ૨૦૨૫ કોપરા સિઝન માટે લઘુત્તમ ટેકાના ભાવને પણ નીતિગત મંજૂરી આપી. મંત્રીમંડળની બેઠક પછી, કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે ૨૦૨૭ ની વસ્તી ગણતરી વિશે માહિતી આપી. કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું કે તે વિશ્વની સૌથી મોટી વહીવટી અને આંકડાકીય કવાયત હશે. વસ્તી ગણતરી ૨૦૨૭ એ અત્યાર સુધીની ૧૬મી અને સ્વતંત્રતા પછીની ૮મી વસ્તી ગણતરી હશે. વસ્તી ગણતરી એક કેન્દ્રીય વિષય છે.



કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું કે દેશની વસ્તી ગણતરી વસ્તી ગણતરી અધિનિયમ, ૧૯૪૮ અને વસ્તી ગણતરી નિયમો, ૧૯૯૦ હેઠળ કરવામાં આવે છે. છેલ્લી વસ્તી ગણતરી ૨૦૧૧ માં કરવામાં આવી હતી. કોવિડ-૧૯ રોગચાળાને કારણે ૨૦૨૧ ની વસ્તી ગણતરી હાથ ધરી શકાઈ નહોતી. અગાઉ, વસ્તી ગણતરી ૨૦૨૭ માટે ગેઝેટ સૂચના ૧૬ જૂન, ૨૦૨૫ ના રોજ જારી કરવામાં આવી હતી. વસ્તી ગણતરી ૨૦૨૭ નો અંદાજિત ખર્ચ ૧૧,૭૧૮ કરોડ હશે. કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું હતું કે વસ્તી ગણતરી માટે સંદર્ભ તારીખ ૧ માર્ચ, ૨૦૨૭ ના રોજ ૦૦:૦૦ કલાક હશે. બરફથી ઢંકાયેલા વિસ્તારો માટે, આ તારીખ ૧ ઓક્ટોબર, ૨૦૨૬ ના રોજ ૦૦:૦૦ કલાક હશે. વૈષ્ણવે જણાવ્યું હતું કે, "જનગણના ૨૦૨૭ બે તબક્કામાં હાથ ધરવામાં આવશે. પ્રથમ તબક્કામાં ઘરોની યાદી અને ઘરોની ગણતરી હશે. તે એપ્રિલથી સપ્ટેમ્બર ૨૦૨૬ દરમિયાન હાથ ધરવામાં આવશે. બીજો તબક્કો વસ્તી ગણતરી હશે. તે ફેબ્રુઆરી ૨૦૨૭ માં શરૂ થશે. બરફથી ઢંકાયેલા વિસ્તારોમાં, તે સપ્ટેમ્બર ૨૦૨૬ માં શરૂ થશે. કેબિનેટના નિર્ણયોનો ખુલાસો કરતા, કેન્દ્રીય મંત્રીએ માહિતી આપી હતી કે ૨૦૨૭ ની વસ્તી ગણતરીમાં જાતિ ગણતરીનો પણ સમાવેશ કરવામાં આવશે. તેમણે ઉમેર્યું હતું કે આ વખતે, સ્વ-ગણતરીનો વિકલ્પ પણ આપવામાં આવશે. સેવા તરીકે વસ્તી ગણતરી વિવિધ મંત્રાલયો/રાજ્ય સરકારો અને અન્ય હિસ્સેદારોને ડેટા પ્રદાન કરશે. ડેશબોર્ડ જેવી સુવિધાઓ સાથે વપરાશકર્તા-મૈત્રીપૂર્ણ, મશીન-વાંચી શકાય તેવું અને કાર્યક્ષમ ફોર્મેટ હશે. વસ્તી ગણતરી દરમિયાન, રાષ્ટ્રવ્યાપી જાગૃતિ, સમાવિષ્ટ ભાગીદારી, છેલ્લા માઈલની ભાગીદારી અને ગ્રાઉન્ડ ઓપરેશન્સને ટેકો આપવા માટે એક લક્ષિત અને વ્યાપક પ્રચાર ઝુંબેશ શરૂ કરવામાં આવશે. આ કાર્યમાં આશરે ૩૦ લાખ ગ્રાઉન્ડ વર્કર્સ સામેલ થશે અને ૧.૦૨ કરોડ માનવ-દિવસ રોજગાર ઉત્પન્ન થશે." આ વર્ષે, વસ્તી ગણતરી ૨૦૨૭ બે તબક્કામાં હાથ ધરવામાં આવશે. પ્રથમ તબક્કો ઘર-યાદી અને રહેઠાણ ગણતરીનો હશે, જે એપ્રિલથી સપ્ટેમ્બર ૨૦૨૬ સુધી ચાલશે. વસ્તી ગણતરીનો બીજો તબક્કો ફેબ્રુઆરી ૨૦૨૭ માં હાથ ધરવામાં આવશે. જોકે, જમ્મુ અને કાશ્મીર, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડના બરફથી ઢંકાયેલા વિસ્તારો લદ્દાખમાં, વસ્તી ગણતરી સપ્ટેમ્બર ૨૦૨૬ માં હાથ ધરવામાં આવશે. નીતિ નિર્માણ અને વહીવટી જરૂરિયાતો માટે અપ-ટુ-ડેટ, માઈક્રો-લેવલ ડેટા ઉપલબ્ધ રહેશે. ઘરગથ્થુ યાદી અને વસ્તી ગણતરી માટે અલગ ફોર્મ ભરવા માટે દરેક ઘરની મુલાકાત લેશે.

## સાંસદોને તેમના કાર્યો ટેકનોલોજી દ્વારા જનતા સુધી પહોંચાડવા પીએમ મોદીની સલાહ

નવીદિલ્હી,તા.૧૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે સંસદમાં ઉત્તર પ્રદેશના એનડીએ સાંસદો સાથે મુલાકાત કરી. બેઠક દરમિયાન, પીએમ મોદીએ સાંસદોને ટેકનોલોજી દ્વારા તેમના કાર્યને જનતા સુધી પહોંચાડવાની સલાહ આપી. પીએમએ તેમને સોશિયલ મીડિયા પર વધુ સક્રિય રહેવા અને જાહેર સમર્થન મજબૂત કરવાની સલાહ આપી. પ્રધાનમંત્રીએ સાંસદોને કહ્યું,



"આ કાર્યકરો તમારી પાછળ ઉભા છે, તમે ફક્ત કામ કરો." કોંગ્રેસ પક્ષનું ઉદાહરણ આપતા તેમણે કહ્યું કે કોંગ્રેસ પક્ષ ફક્ત વચનો આપે છે અને પછી ચૂંટણી નજીક આવતાની સાથે કામ કરવાનો ઢોંગ શરૂ કરે છે. તેનાથી વિપરીત, અમે સતત કામ કરીએ છીએ, પરંતુ અમારી યોજનાઓ અને સિદ્ધિઓનો લોકો સમક્ષ પૂરતો પ્રચાર કરવામાં આવતો નથી. આ બેઠક મહત્વપૂર્ણ હતી કારણ કે તે ૧૪ ડિસેમ્બરે યોજાનારી યુપી ભાજપ પ્રમુખની ચૂંટણી પહેલા યોજાઈ હતી. જોકે, એવું માનવામાં આવે છે કે રાષ્ટ્રપતિ પદ માટે ફક્ત એક જ ઉમેદવારી નોંધાવવામાં આવશે, એટલે કે આગામી રાષ્ટ્રપતિનો નિર્ણય ૧૩ ડિસેમ્બરે જ થઈ શકે છે. ગુરુવારે રાત્રે તેમણે તેમના નિવાસસ્થાને એનડીએ સાંસદો માટે રાત્રિભોજનનું આયોજન કર્યું હતું અને ભારતની વિકાસ યાત્રાને મજબૂત બનાવવા માટે સાથે મળીને કામ કરવાનો સંકલ્પ લીધો હતો. પીએમ મોદીએ લગભગ દરેક ટેબલ પર જઈને સાંસદો સાથે વાતચીત કરી અને તેમની સુખાકારી વિશે પૂછપરછ કરી.

## દિલ્હીમાં હવાની ગુણવત્તા ફરી બગડી : એક્યુઆઇ ૩૦૦ને પાર, શ્વાસના દર્દીઓને મુશ્કેલી

નવીદિલ્હી,તા.૧૨

દિલ્હીમાં હવાની ગુણવત્તા ફરી એકવાર 'ખૂબ જ ખરાબ' શ્રેણીમાં પહોંચી ગઈ. શુક્રવાર સવારની શરૂઆત ધુમ્મસ અને હળવા ધુમ્મસથી થઈ. આકાશમાં ધુમ્મસનું પાતળું પડ પણ દેખાયું, જેના કારણે દૃશ્યતા ઓછી થઈ ગઈ. આ સમય દરમિયાન લોકો માસ્ક પહેરેલા જોવા મળ્યા, અને શ્વસન દર્દીઓને મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો. રાજધાનીમાં માત્ર બે દિવસ 'ખરાબ' શ્રેણીમાં રહ્યા પછી, પવનની ગતિ ઓછી થવાને



કારણે પ્રદૂષણ વધ્યું છે. દિલ્હીનો એક્યુઆઈ ૩૦૦ ને વટાવી ગયો. દિલ્હી માટે એર ક્વોલિટી અર્લી વોર્નિંગ સિસ્ટમ અનુસાર, શુક્રવારે સવારે રાજધાનીના સરેરાશ એર ક્વોલિટી ઈન્ડેક્સ એક્યુઆઈ ૩૨૬ નોંધાયો હતો. સવારે ૭ વાગ્યે કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના ડેટા અનુસાર, દિલ્હીના અલીપુરમાં એક્યુઆઈ ૩૪૭, આનંદ વિહારમાં ૩૮૬, અશોક વિહારમાં ૩૭૪, આયા નગરમાં ૨૫૫, બાવાનામાં ૩૬૫, બુરાડીમાં ૩૫૦ અને ચાંદની ચોકમાં ૩૬૨ હતો. આ દરમિયાન, ડીટીયુમાં ૩૬૧, દ્વારકા સેક્ટર ૮ માં ૩૩૫, આઈજીઆઈ એરપોર્ટ ટી ૩ વિસ્તારમાં ૨૪૩, આઈટીઓમાં ૩૫૪, જહાંગીરપુરીમાં ૪૦૧, લોધી રોડમાં ૨૭૪, મુંડકામાં ૩૭૧, નજફગઢમાં ૨૨૮, પંજાબી બાગમાં ૩૬૦, રોહિણીમાં ૩૮૪, વિવેક વિહારમાં ૩૮૪, સોનિયા વિહારમાં ૩૩૮, આરકે પુરમમાં ૩૩૮ અને વઝીરપુરમાં ૩૮૨ નોંધાયા હતા.




## આંધ્રપ્રદેશમાં બસ ઊંડા ખાડામાં પડતાં ૯ લોકોના મોત : અનેક શ્રદ્ધાળુઓ ગંભીર



અલ્લુરી,તા.૧૨

આંધ્રપ્રદેશના અલ્લુરી સીતારામ રાજુ જિલ્લામાં એક મોટો બસ અકસ્માત થયો છે. તીર્થસ્થાનો અને દેવતાઓના દર્શન કરવા માટે ઘાટ રોડ પર મુસાફરી કરી રહેલા શ્રદ્ધાળુઓથી ભરેલી બસ ખાડામાં પડી ગઈ. બસ કાબુ ગુમાવીને ખાડામાં પડી ગઈ. આ અકસ્માતમાં અત્યાર સુધીમાં નવ મુસાફરોના મોત થયા છે, જ્યારે ઘણા લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. ઘાયલોને ભદ્રચલમ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા છે. ઘણા મુસાફરોની હાલત ગંભીર હોવાથી મૃત્યુઆંક વધી શકે છે. આંધ્રપ્રદેશના ચિત્તૂર જિલ્લાથી આવેલી બસ ભદ્રચલમથી અન્નવરમ જઈ રહી હતી. આ અકસ્માત ચિત્તૂર-મારેડુમિલી ઘાટ રોડ પર થયો હતો. જિલ્લા મેજિસ્ટ્રેટ દિનેશ કુમારે જણાવ્યું હતું કે અલ્લુરી સીતારામ રાજુ જિલ્લામાં મોડી રાત્રે એક મોટો અકસ્માત થયો જ્યારે એક ખાનગી ટ્રાવેલ બસ કાબુ ગુમાવીને ચિત્તૂર-મારેડુમિલી ઘાટ રોડ પર ઊંડા ખાડામાં પડી ગઈ. નવ મુસાફરોના ઘટનાસ્થળે જ મોત થયા હતા, જ્યારે ઘણા લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા.









# રાજુલા હોસ્પિટલ ચોક ખાતે ઝાડની ડાળી તૂટી પડતાં અફરાતફરી: તંત્રની લાપરવાહી સામે રોષ

રાજુલા, તા.૧૨

રાજુલા શહેરના હોસ્પિટલ ચોક વિસ્તારમાં આજે સરકારી હોસ્પિટલ પાસે આવેલા એક જોખમી ઝાડની મોટી ડાળી અચાનક તૂટી પડતા અફરાતફરી મચી ગઈ હતી. સદભાગ્યે, તૂટેલી ડાળી નીચે બે બાઈક સવાર માંડ-માંડ બચી ગયા હતા, અન્યથા મોટી દુર્ઘટના સર્જાઈ હોત. આ ઝાડ લાંબા સમયથી નમેલું અને જોખમી બન્યું હોવા છતાં તંત્ર દ્વારા કોઈ પગલાં લેવાયા નહોતા. ડાળી તૂટ્યા બાદ સ્થાનિક લોકોએ જ આગેવાની લઈને રોડ પરનો અવરોધ દૂર કરીને માર્ગ ખુલ્લો કર્યો હતો. વેપારીઓના જણાવ્યા મુજબ, જો આખું ઝાડ તૂટી પડશે તો રોડ પર આવી પડવા ઉપરાંત હોસ્પિટલની દિવાલોને પણ નુકસાન પહોંચાડી શકે છે. આ અંગે તંત્રને અનેકવાર જાણ કરવા છતાં, PGVCL, જંગલ વિભાગ અને નગરપાલિકા જવાબદારી એકબીજા પર ઢોળી રહ્યા હતા, જેના કારણે કાર્યવાહી અટકી પડી હતી. સ્થાનિક વેપારીઓ અને નાગરિકોમાં તંત્રની આ લાપરવાહી સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. હાલ ઝાડ વધુ જોખમી સ્થિતિમાં હોવાથી લોકોએ તાત્કાલિક ઝાડ હટાવીને સંભવિત અકસ્માત ટાળવા માટે ઝડપી પગલાં લેવાની ઉગ્ર માગણી કરી છે.


તસવીર : ગોપાલ રાઠોડ

# જાફરાબાદના કોળી કંથારીયાથી જૂની કાતર સુધીના રોડને ડામરનો કરવા મુદ્દે સ્થાનિક આગેવાનોની રજૂઆત

રાજુલા, તા.૧૨

જાફરાબાદ તાલુકાના કોળી કંથારીયાથી જૂની કાતર સુધીનો ત્રણ કિલોમીટરનો ગાડા માર્ગ છે. વર્ષોથી આ રોડ ઉપર ખેડૂતો પણ ખેતરે જવા માટે હેરાન પરેશાન થાય છે.

આ રોડને ડામરનો કરવામાં આવે તો ખેડૂતોના પ્રશ્નો હલ થાય તેમ જ ખાંભા તાલુકાના હાઈવે ઉપર આવેલા બારમણ ગામથી સરોવરડા સુધી મેટેબલ રોડ છે આ રોડને પણ ડામર કરવામાં આવે તેવી માગણી સ્થાનિકો કરી રહ્યા છે. આ અંગે તાલુકા પંચાયતના કારોબારી ચેરમેન અનિરુદ્ધભાઈ વાળા, કાતર રાજુલા માર્કેટિંગ યાર્ડના ડિરેક્ટર અમરીશભાઈ, બારપટોળીના સરપંચ, કંથારીયાના સરપંચ દ્વારા ધારાસભ્ય હીરાભાઈ સોલંકી, મંત્રી કૌશિકભાઈ વેકરીયા અને માર્ગ-મકાન વિભાગને રજૂઆત કરવામાં આવી છે.



# અમરેલી સ્પેશિયલ પોક્સો કોર્ટે આરોપીને ૨૦ વર્ષની સજા ફટકારી

અમરેલી,તા.૧૨

અમરેલીની સ્પેશિયલ પોક્સો કોર્ટે લાઠી તાલુકાના નારાયણ નગર ગામે થયેલા અપહરણ અને દુષ્કર્મ કેસમાં મહત્વનો ચુકાદો આપ્યો છે. કોર્ટે આરોપી વિપુલભાઈ ઉર્ફે ગડુ રતીલાલ મકવાણાને ૨૦ વર્ષની સખત કેદની સજા ફટકારી છે. આ ઉપરાંત, આરોપીને રૂ.૧૫,૦૦૦નો દંડ પણ કરવામાં આવ્યો છે, જેમાંથી રૂ.૧૦,૦૦૦ પીડિતાને વળતર પેટે ચૂકવવાનો આદેશ અપાયો છે. આ ઘટના ગત ૧૦ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ બની હતી. લાઠી તાલુકાના નારાયણ નગરના ચામુંડાનગર વિસ્તારમાં રહેતા આરોપી વિપુલ મકવાણાએ સવારે પોણા આઠથી સાંજના ૬ વાગ્યા દરમિયાન એક ૧૫ વર્ષ અને ૯ માસની સગીર તરૂણીનું અપહરણ કર્યું હતું. આરોપી બદકામ કરવાના ઈરાદે સગીરાને લલચાવી-ફોસલાવીને ભગાડી ગયો હતો.

# જાફરાબાદના જૂની જીકાદરી ગામની પ્રાથમિક શાળાના ત્રણ રૂમનું ખાતમુહૂર્ત

જાફરાબાદ, તા.૧૨

જાફરાબાદ તાલુકાના જુની જીકાદરી ગામે આજે સરપંચ પ્રકાશભાઈ વરુના હસ્તે પ્રાથમિક શાળાના ત્રણ રૂમનું ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. ઉપસરપંચ હસુભાઈ વરુ તથા શાળાના પ્રિન્સિપાલ મહેશભાઈ વાળા, કમલેશભાઈની ઉપસ્થિતિમાં શાળાની બાળાઓ દ્વારા સ્વાગત ગીત રજૂ કરવામાં આવ્યું હતું. સરપંચ તથા ગ્રામ્યજનોના જણાવ્યા મુજબ વર્ષોથી અવારનવાર રજૂઆત કરતાં ધારાસભ્ય હીરાભાઈ સોલંકીએ શિક્ષણ વિભાગ દ્વારા ત્રણ રૂમ મંજૂર કરાવ્યા હતા. આ પ્રસંગે તાલુકા પંચાયતના બાંધકામ સુપરવાઈઝર કિશોરભાઈ તથા કોન્ટ્રાક્ટર સિદ્ધિ બાલાજી સિધ્ધરાજભાઈ, બાળકો અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.



# ધારીની દામાણી પ્રા.શાળા ખાતે ગુડ ટચ/બેડ ટચ વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કરાયા

અમરેલી,તા.૧૨



ધારી પોલીસ વિભાગ દ્વારા દામાણી પ્રાથમિક સ્કૂલ ખાતે અમરેલી જિલ્લા પોલીસ વડા સંજય ખરાતના અધ્યક્ષસ્થાને વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં 'ગુડ ટચ બેડ ટચ' અંગે જાગૃતિ લાવવામાં આવી હતી અને સીસીટીવી કેમેરા લગાવનાર સરપંચોનું સન્માન કરાયું હતું. એસ.પી. સંજય ખરાતે જણાવ્યું હતું કે, પોલીસ પ્રજાની મિત્ર છે. તેમણે ભારપૂર્વક કહ્યું કે જો દરેક ગામડાઓમાં સીસીટીવી કેમેરા લગાવવામાં આવે તો ગુનાઓને તાત્કાલિક અસરથી ઉકેલી શકાય છે.

# બગસરામાં નગરપાલિકા દ્વારા બેટી બચાવો, બેટી પઢાવો કાર્યક્રમ યોજાયો

બગસરા, તા.૧૨

બગસરામાં ગુરુવારે નગરપાલિકા દ્વારા જનતા કન્યા વિદ્યાલયમાં પ્રાદેશિક કમિશનર અને ચીફ ઑફિસર ડી.એન. હૂણની સૂચના મુજબ " બેટી બચાઓ.. બેટી પઢાવો.." કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. જેમાં ICDS અધિકારી આરતીબેન વણપરિયા, નગરપાલિકાના કર્મચારીઓની ઉપસ્થિતિમાં વિદ્યાલયની વિદ્યાર્થિનીઓએ પ્રાર્થના દ્વારા કાર્યક્રમની શરૂઆત કરી હતી. પ્રિન્સિપાલે પ્રાથમિક માહિતી આપી હતી. આરતીબેન વણપરિયાએ મહિલાલક્ષી વિવિધ યોજનાની વિસ્તૃત માહિતી આપી હતી. નગરપાલિકાના કર્મચારી રસીલાબેન બાબરીયાએ મહિલા વિવિધ ક્ષેત્રોમાં આગળ રહી ઉમદા કામો કરે તે વિશે ચર્ચા કરી હતી.


તસવીર : હાર્દિક બામટા

# સા.કુંડલાની દોશી ગર્લ્સ હાઈસ્કૂલમાં નિબંધ, વકૃત્વ અને ચિત્ર સ્પર્ધા યોજાઈ

સાવરકુંડલા, તા.૧૨

સાવરકુંડલા શહેરમાં એસ.વી. દોશી ગર્લ્સ હાઈસ્કૂલ ખાતે તારીખ ૧૨-૧૨-૨૫ના રોજ આત્મનિર્ભર ભારત અંતર્ગત શાળામાં જુદી જુદી સ્પર્ધાઓનું આયોજન થયેલ હતું. સ્વદેશી વિચારો અંતર્ગત વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન થયેલ. તેમાં વિદ્યાર્થિનીઓએ સ્વદેશી ઉત્પાદનો પ્રત્યેના વિચાર રજૂ કરેલ. જેમાં ધોરણ ૧૦ની વિદ્યાર્થિની ટોટા દિપાલી મુકેશભાઈએ વક્તવ્ય રજૂ કરેલ. ધોરણ-૧૦ની ડુબાણીયા જાનવી મુકુંદભાઈએ નિબંધ રજૂ કરેલ. આ તકે સાવરકુંડલાના અગ્રણીઓની વિશેષ હાજરી રહેલ. અંતમાં શાળાના આચાર્યા ઉષાબેન બી. તેરૈયાએ પ્રાસંગિક વિચારો રજૂ કર્યા હતા.



# જાફરાબાદમાં અલ્ટ્રાટેક સિમેન્ટ દ્વારા ટીબીના ૭૪ દર્દીઓને પોષણ કીટનું વિતરણ કરાયું

જાફરાબાદ, તા.૧૨

જાફરાબાદ ખાતે અલ્ટ્રાટેક સિમેન્ટના નર્મદા સિમેન્ટ યુનિટ દ્વારા પ્રધાનમંત્રી ટીબી મુક્ત ભારત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અંતર્ગત જાફરાબાદ સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ક્ષય રોગના ૭૪ દર્દીઓને ન્યુટ્રીશન કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. કંપનીના યુનિટ હેડ રાજેશ આનંદ અને એફ.એચ. વિકાસ વર્માના માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમનું આયોજન થયું હતું. આ કાર્યક્રમ અંતર્ગત, ૭૪ ક્ષય રોગના દર્દીઓને દર મહિને પોષણ કીટ પૂરી પાડવામાં આવે છે. આ પ્રસંગે નર્મદા સિમેન્ટના લાલજીભાઈ ગુજ્જર, સામૂહિક આરોગ્ય કેન્દ્રના ઈન્ચાર્જ કૃપેશ પટેલ અને સંદીપભાઈ જોશી ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન દર્દીઓને માર્ગદર્શન પણ પૂરું પાડવામાં આવ્યું હતું.



# કે.કે. પારેખ કોમર્સ કોલેજમાં સાયબર સિક્યુરિટી અને ઈન્ટર્નશિપ અવેરનેસ પ્રોગ્રામ યોજાયો

અમરેલી, તા.૧૨

અમરેલીમાં શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ તથા જિલ્લા વિદ્યાસભા સંચાલિત કે.કે. પારેખ કોમર્સ કોલેજ ખાતે સાયબર સિક્યુરિટી અને ઈન્ટર્નશિપ અવેરનેસ પ્રોગ્રામ યોજાયો હતો. બી.બી.એ. તથા બી.કોમ. સેમેસ્ટર ૬માં ફરજિયાત ૧૨૦ કલાકનો ઈન્ટર્નશિપ પ્રોગ્રામ પૂર્ણ કરવાનો રહે છે. તે અન્વયે ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ બેંક અમરેલી બ્રાન્ચના સિનિયર મેનેજર મિતુલભાઈ મહેતા તથા સિનિયર એક્ઝિક્યુટિવ ઋત્વિકભાઈ બારૈયાએ વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું. તેમણે વિદ્યાર્થીઓને ઈન્ટર્નશીપ પ્રોગ્રામ માટે તલસ્પર્શી માહિતી આપી હતી. ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ બેંકના રિજનલ બ્રાન્ચ હેડ રોહિતભાઈ ચહલે વિદ્યાર્થીઓને સાયબર સિક્યુરિટી વિશે માહિતી આપી હતી. આ પ્રોગ્રામને સફળ બનાવવા માટે કોલેજના પ્રા. જે.એમ. તળાવિયા, ડો. એ.જી. પટેલ, ડો. એ.કે. વાળા અને પ્રા. ડબલ્યુ.જી. વસાવાએ જહેમત ઉઠાવી હતી. આ કાર્યક્રમના સફળ આયોજન બદલ વિદ્યાસભાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી મનસુખભાઈ ધાનાણી, ચતુરભાઈ ખુંટ, નિયામક ડો. જી.સી. ભીમાણી અને કોલેજના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ભારતીબેન ફીણવીયાએ શુભેચ્છાઓ પાઠવી હતી.



# જાફરાબાદના જૂની જીકાદરી ગામે નવા નાળાનું ધારાસભ્ય દ્વારા ખાતમુહૂર્ત

જાફરાબાદ, તા.૧૨

જાફરાબાદ તાલુકાના નેશનલ હાઈવેથી બે કિલોમીટર દૂર આવેલા જૂની જીકાદરી ગામે પાણી આવતું હોવાથી જવા-આવવામાં ભારે મુશ્કેલી થતી હતી. આથી નેશનલ હાઈવેને જોડતા નવા નાળાને રૂ. સવા કરોડના ખર્ચે બનાવવામાં આવશે, જેનું ખાતમુહૂર્ત તાજેતરમાં ધારાસભ્ય હીરાભાઈ સોલંકીના હસ્તે થયું હતું. આ તકે સરપંચ પ્રકાશભાઈએ જણાવ્યું કે, હીરાભાઈએ અમારા ગામની શાળાનું અને પુલનું ખાતમુહૂર્ત કરતા નાનકડા ગામમાં હવે દર્દીઓને અને વિદ્યાર્થીઓને પરિવહન સુવિધાજનક બનશે તેમજ શાળામાં ત્રણ રૂમ બનવાથી તે પ્રશ્ન પણ હલ થશે. આ પ્રસંગે જાફરાબાદ તાલુકા પંચાયતના પ્રમુખ બાબુભાઈ, જિલ્લા પંચાયત સદસ્ય ચેરમેન કરસનભાઈ ભીલ, તાલુકા પંચાયતના કારોબારી ચેરમેન અનિરુદ્ધભાઈ વાળા, એમાળના સરપંચ કરશનભાઈ બાંભણિયા, સાસરીયાના સરપંચ મનુભાઈ ભીલ, ભાજપ અગ્રણી કુલદીપભાઈ વરુ, એભલવડના સરપંચ જગાભાઈ, લોરના સરપંચ અશોકભાઈ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.


તસવીર : બાબુભાઈ વાઢેળ







# અમરેલીમાં સ્વદેશી અભિયાન અંતર્ગત ૨૦-૨૨ ડિસેમ્બરે 'સશક્ત નારી મેળો' યોજાશે

અમરેલી, તા.૧૨



અમરેલી જિલ્લામાં સ્વદેશી અભિયાનને વેગ આપવા માટે તા. ૨૦ થી ૨૨ ડિસેમ્બર દરમિયાન નૂતન હાઈસ્કૂલ ગ્રાઉન્ડ, ચિતલ રોડ ખાતે 'સશક્ત નારી મેળા'નું આયોજન કરવામાં આવ્યું છે. આ ત્રણ દિવસીય મેળાનો મુખ્ય હેતુ મહિલા આગેવાની હેઠળના લઘુ-સૂક્ષ્મ ઉદ્યોગો અને તેમના દ્વારા બનાવેલી વસ્તુઓને પ્રોત્સાહન આપીને મહિલાઓની ઉદ્યમશીલતા વધારવાનો છે. જિલ્લા વિકાસ અધિકારી પી.બી. પંડ્યાના અધ્યક્ષ સ્થાને આયોજનની બેઠક મળી હતી, જેમાં સ્થાનિક ઉત્પાદકોને પ્લેટફોર્મ આપવા પર ભાર મૂકાયો હતો. આ મેળામાં કૃષિ, કુટીર ઉદ્યોગ, પશુપાલન, બેંક સહિતના વિભાગોના સંકલનથી ૧૦૦ જેટલા સ્ટોલ્સ રાખવામાં આવશે. તમામ સ્ટોલ્સ પર QR કોડ દ્વારા કેશલેસ પેમેન્ટનો વ્યાપ વધારવાનો પ્રયાસ કરવામાં આવશે. મેળામાં લખપતિ દીદી અને ડ્રોન દીદી સહિત પ્રગતિશીલ મહિલા ખેડૂતોનું સન્માન કરવામાં આવશે, જેથી અન્ય મહિલાઓને પ્રેરણા મળી રહે. આ જિલ્લા સ્તરીય પ્લેટફોર્મ દ્વારા સ્વ-સહાય જૂથો અને મહિલા ઉદ્યોગસાહસિકોને આર્થિક લાભ માટેની વધુ તકો ઉપલબ્ધ થશે.

# અમરેલીના ૩૪ સ્વયંસેવકોને SDRF સેન્ટર ખાતે 'યુવા આપદા મિત્ર' તાલીમ અપાઈ

અમરેલી, તા.૧૨



કેન્દ્ર સરકારની નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીની 'યુવા આપદા મિત્ર' (YAMS) યોજના અંતર્ગત ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તા મંડળ (GSDMA) દ્વારા રાજ્યના સ્વયંસેવકોને આપત્તિ વ્યવસ્થાપનની તાલીમ આપવામાં આવી રહી છે. આ કાર્યક્રમના ભાગરૂપે, અમરેલી જિલ્લાના એન.એસ.એસ. (NSS) ના ૩૪ યુવક-યુવતીઓ ગોંડલ સ્થિત એસ.ડી.આર.એફ-૮ (SDRF-૮) સેન્ટર ખાતે તાલીમ મેળવી રહ્યા છે. આ તાલીમ શિબિરમાં સ્વયંસેવકોને આપત્તિ વ્યવસ્થાપન વિશેની માહિતી ઉપરાંત ભૂકંપ, વાવાઝોડું, પૂર, ફાયર સેફ્ટી, મૂળભૂત શોધ અને બચાવ કાર્ય, ઘાયલ વ્યક્તિને ઉપાડવાની પદ્ધતિ તેમજ સમુદાય આધારિત પ્રાથમિક સારવાર (First Aid) અને સી.પી.આર./બી.એલ.એસ. (CPR/BLS) જેવા મહત્ત્વના વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો છે. ડીઝાસ્ટર મેનેજમેન્ટ સેલ, અમરેલીની યાદી મુજબ, અમરેલી જિલ્લામાં કોઈ પણ આપત્તિના સમયે આ તાલીમબદ્ધ 'યુવા આપદા મિત્રો' જિલ્લા વહીવટી તંત્ર તેમજ સ્થાનિક સ્તરે અત્યંત ઉપયોગી નીવડશે.

# અમરેલીના માથાભારે શખ્સને પાસા તળે કચ્છ જેલમાં ધકેલી દેવાયો

અમરેલી,તા.૧૨



અમરેલી એસ.પી. સંજય ખરાતની સૂચના મુજબ, જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જાળવવા અસામાજિક તત્વો સામે કડક કાર્યવાહી કરવામાં આવી છે. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના પી.આઈ. ડી.કે. વાઘેલા દ્વારા શરીર-સંબંધી ગુના કરવાની ટેવવાળા વિકી ભનુભાઈ વારવડીયા (ઉ.વ. ૨૦, રહે.હનુમાનપરા, ગણીતીતનગર અમરેલી) વિરુદ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરવામાં આવી હતી. જિલ્લા મેજિસ્ટ્રેટ વિકલ્પ ભારદ્વાજ સાહેબે વોરંટ ઈસ્યુ કરતાં, એલ.સી.બી. પી. આઈ. વી.એમ. કોલાદરાની ટીમે વિકી વારવડીયાને ઝડપી પાડ્યો હતો. તેને પાસા વોરંટની બજવણી કરી, પાલરા સ્પેશ્યલ જેલ, કચ્છ-ભુજ ખાતે મોકલી દેવાયો છે.

# ધારીના માલસીકા ગામે સીસીટીવી લગાડનાર સરપંચનું સન્માન કરાયું

અમરેલી, તા.૧૨



અમરેલી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા સુદૃઢ બને તે માટે જિલ્લાના ગામડાઓમાં સીસીટીવી લગાડી પોલીસની કામગીરીમાં મદદ કરનાર સરપંચો અને ગ્રામજનોનું જિલ્લા પોલીસ વડા દ્વારા સન્માન કરવામાં આવી રહ્યું છે. નાના એવા ગામમાં કોઈ ઈસમ ગુનો આચરી નાસી જાય ત્યારે પોલીસને આ સીસીટીવી કેમેરા આરોપી સુધી પહોચાડવા મદદ કરે છે. તેથી ધારી તાલુકાના માલસીકા ગામે સીસીટીવી લગાડનાર સરપંચ અને ગ્રામજનોનું જિલ્લા પોલીસ વડા સંજય ખરાત દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

**જિલ્લા પોલીસ વડાએ સરપંચની સાથે ગ્રામજનોની સક્રિયતાને વખાણી**

# ગાધકડા પ્લોટ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ માટે નેત્ર નિદાન કેમ્પ યોજાયો

અમરેલી,તા.૧૨



સાવરકુંડલા દિયા એસ.કે. ગૃપના કન્વીનર અને ગાધકડા પ્લોટ પ્રાથમિક શાળાના શિક્ષક વિપુલભાઈ બોરીસાગર, સભ્ય ડોકટર હાર્દિકભાઈ રાઠોડના સહયોગથી ગાધકડા પ્લોટ પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓનું વિનામૂલ્યે આંખ તપાસ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૨૦૦થી વધારે વિદ્યાર્થીની આંખ તપાસવામાં આવી હતી. જેમાં ૪૦ જેટલાં આંખની તકલીફ વાળા વિદ્યાર્થીને વિનામૂલ્યે સારવારનું આયોજન કરવા આવ્યું હતું.

# સા.કુંડલા ટાઉન પોલીસે અરજદારનો ખોવાયેલો ચેઈન પરત આપ્યો

અમરેલી, તા.૧૨



**રૂ.૩.૫૦ લાખનો ચેઈન પરત મળતા અરજદારે પોલીસનો આભાર માન્યો**

અમરેલી જિલ્લા પોલીસ દ્વારા અરજદારોના મોબાઈલ, પર્સ, બાઈક સહિત 'તેરા તુજકો અર્પણ' અંતર્ગત પરત આપવાની કામગીરી કરવામાં આવી રહી છે. જેમાં સાવરકુંડલા ટાઉન પોલીસે અરજદારનો સોનાનો ચેઈન શોધી પરત કરી અરજદારના ચહેરા પર ખુશી લાવવાનું કાર્ય કર્યું છે. જાબાળ ગામના જયસુખભાઈ ભનુભાઈ ભાલાળા ગત તા.૦૮ના રોજ સાવરકુંડલા ગામે ખરીદી કરવા માટે આવેલા હતા ત્યારે અરજદારના ગળામાંથી ત્રણ તોલાનો ચેઈન પડી જતાં અરજદારે તાત્કાલીક સાવરકુંડલા ટાઉન પોલીસમાં જાણ કરી હતી. સા.કુંડલા ટાઉન પોલીસે તાત્કાલિક સીસીટીવી કેમેરા તપાસતા માત્ર ૩ કલાકમાં જ અરજદારનો રૂ.૩.૫૦ લાખનો ચેઈન શોધી આપી અરજદારને પરત કર્યો હતો. સોનાનો ચેઈન પરત મળી જતાં જયસુખભાઈ ભાલાળાએ પોલીસનો આભાર માન્યો હતો.

# જિલ્લામાંથી ૧૩ લીટર પીવાનો દેશી દારૂ પકડાયો

અમરેલી, તા.૧૨

અમરેલી જિલ્લામાંથી પોલીસે ચાર સ્થળેથી ૧૩ લીટર પીવાનો દેશી દારૂ ઝડપ્યો હતો. પીપળવા ગામેથી ચાર લીટર, ડેડાણ ગામે બે જગ્યાએથી પાંચ લીટર તથા ધોળીયો ડુંગર પાસેથી ચાર લીટર દેશી દારૂ મળ્યો હતો. જિલ્લામાં વિવિધ સ્થળેથી ૧૨ લોકો કેફી પીણું પીધેલી હાલતમાં જાહેરમાં ફરતા મળી આવ્યા હતા.

# વડીયાના લાખાપાદર ગામેથી પરિણીતા ઘરેથી ચાલી નીકળી

વડીયા, તા.૧૨

વડીયાના લાખાપાદર ગામેથી પરિણીતા ઘરેથી ચાલી નીકળી હતી. કમલેશભાઈ મંગાભાઈ ચાવડાએ જાહેર કર્યા મુજબ, તેમના પત્ની શાંતાબેન ચાવડા (ઉ.વ.૩૫) ઘરેથી કોઈને કહ્યા વગર પોતે પોતાની મેળે ક્યાંક જતી રહી હતી. શોધખોળ કરવા છતાં કોઈ ભાળ ન મળતાં પોલીસને જાણ કરવામાં આવી હતી.



BLUE BUDDHA
END OF SEASON SALE
BUY 1@30% OFF
BUY 3@40% OFF
BUY 4@50% OFF
Visit our shop today to avail Amazing Offer
SHOP NO. 30, NEW S.T. BUS STATION, AMRELI. (M) 74338 05806
■ મનિષ વાકોતર ■ વી.ડી. રાણપરીયા
www.bluebuddha.co.in | નોંધ : અમરેલીમાં અમારી બીજી કોઈ બ્રાંચ નથી.

શું તમને સાંભળવાની તકલીફ છે ?

- નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
- બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
- જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે

સરકારી નોકરીયાત/પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં ૧૦૦% સહાય

કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

ઉત્સવ મીની ઘાણીનું તેલ
શીગતેલ ■ તલ તેલ તે પણ આપની નજર સામે...
ડેમેજ કે પલળ્યા વગરની જ ફક્ત...
G 20 મગફળીને ફોલીને પ્યોર ઘાણીનું તેલ
આપની નજર સામે લાઈવ ભરાવો...
સ્થળ : રાધેશ્યામ બાયપાસ ચોકડી, ફાટક પાસે, અમરેલી.
Mo. 94269 61006 | 98790 56605 | 92659 76525

GST ઘટાડા સાથે આજે જ ટાયર ખરીદો
ફોર વ્હીલ કાર - બાઈક - એક્ટીવા ટ્રક - બસ - ઈકો - બોલેરો - કેરી વગેરેના ટાયર
10% GST ઘટાડા સાથે આજે જ ખરીદો

ટ્રેક્ટર - મીની ટ્રેક્ટર - સનેડો ખેતીને લગતા ટાયર
13% GST ઘટાડા સાથે આજે જ ખરીદો
અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ
વ્હીલ - પ્લેટ - ઘરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.
ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ,
ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ
સંજય ટાયર્સ
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.


## મામલતદાર અને તાલુકા એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, બાબરા

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૨૭૪/૨૫ તા.૦૮/૧૨/૨૦૨૫

વિવાદી :- શ્રી યોગેશભાઈ બાબુભાઈ વઘાસીયા,
રહે.ધરાઈ, તા. બાબરા, જિ.અમરેલી.
મો.૬૩૫૧૪ ૩૧૯૯૭

- //વિરૂધ્ધ// -

પ્રતિવિવાદી :- જન્મ-મરણ નોંધણી અધિકારી-વ-ત.ક.મ.શ્રી, ધરાઈ, ધરાઈ ગ્રામ પંચાયત, તા.બાબરા, જિ.અમરેલી

**-// જાહેર નોટીસ //-**
**(જન્મનાં દાખલા માટે)**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના મુ.તા.બાબરાના રહીશ આ કામના અરજદારના ભાણેજ શ્રી મેહુલભાઈ બાવચંદભાઈ પાંચાણીનો જન્મ તા.૦૨/૦૭/૧૯૯૪ ના રોજ મોજે. ધરાઈ, તા.બાબરા, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૨૯/૧૧/૨૦૨૫ થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા. ૧૮/૧૨/૨૦૨૫ ના રોજ બપોરના ૧૨:૦૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સહી
તાલુકા એકિઝક્યુટીવ મેજીસ્ટ્રેટ
અને મામલતદાર બાબરા

## -// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ કોડીનારની કોર્ટમાં //-

નં.જન્મ-મરણ કેસ નં.217/2025

પ્રતિ,
શ્રી ડાયાભાઈ એભાભાઈ સોસા,
રહે. નાનાવાડા, ગામ-નાનાવાડા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ
.....અરજદાર

વિરૂધ્ધ
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત, નાનાવાડા
તા.કોડીનાર, જિ.ગીરસોમનાથ ...સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના નાનાવાડા ગામના રહીશ જીવાભાઈ મેઘાભાઈ બાંભણીયા તથા પીઠીબેન જીવાભાઈ બાંભણીયાના પુત્રી ગોરાઈબેન જીવાભાઈ બાંભણીયાનો જન્મ તારીખ 06/01/1966 ના રોજ કોડીનાર તાલુકાના નાનાવાડા ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત, નાનાવાડા, તાલુકો- કોડીનાર સને.1966 ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૮/૧૨/૨૦૨૫ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૯/૧૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

સહી,
(એચ.કે.ભાસ્કર)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

## -// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ કોડીનારની કોર્ટમાં //-

નં.જન્મ-મરણ કેસ નં.67/2025

પ્રતિ,
શ્રી બાબુભાઈ ભીમાભાઈ બાંભણીયા,
રહે. બોડવા, ગામ-બોડવા, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી જી.પી.રાઠોડ, કોડીનાર .....અરજદાર

વિરૂધ્ધ
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, બોડવા, તા.કોડીનાર, જિ.ગીરસોમનાથ ...સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના બોડવા ગામના રહીશ શ્રી બાબુભાઈ ભીમાભાઈ બાંભણીયાના પિતા સ્વ.ભીમાભાઈ હમીરભાઈ બાંભણીયાનું મરણ તારીખ 24/10/2024 ના રોજ કોડીનાર તાલુકાના બોડવા ગામ ખાતે થયેલ છે. જેની મરણની નોંધ કોડીનાર તાલુકાના બોડવાના સને.2024 ના મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ મરણ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૮/૧૨/૨૦૨૫ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૯/૧૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

સહી,
(એચ.કે.ભાસ્કર)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

## -//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.મરણ નોંધણી/અરજી નં.૧૦૫/૨૦૨૫

અરજદારશ્રી:- પ્રવિણભાઈ દેવરાજભાઈ સાવલીયા,
રે.મોલડી તા. સાવરકુંડલા જી. અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળા:- ૧. તકમશ્રી, મોલડી તા. સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે મરણની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણી નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના દાદાશ્રી માધાભાઈ અરજણભાઈ સાવલીયાનું મરણ તા.૨૮/૧૦/૧૯૯૫ ના રોજ મુ.મોલડી તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૫/૦૧/૨૦૨૬ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામાં રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (મરણ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો મરણ નોંધાયેલ છે કે કેમ ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા. ૧૧/૧૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યો.

સહી.
મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,
સાવરકુંડલા

# અમરેલી જિલ્લામાં સતત બીજા દિવસે સાયબર ફ્રોડ તપાસનો ધમધમાટ : શોર્ટકટમાં રૂપિયા કમાવાની લાલચ રાખનારા ફફડ્યાં

અમરેલી, તા. ૧૨

અમરેલી જિલ્લામાં સતત બીજા દિવસે સાયબર ફ્રોડ તપાસનો ધમધમાટ શરૂ રહ્યો હતો. જેના કારણે શોર્ટકટમાં રૂપિયા કમાવાની લાલચ રાખનારા ફફડ્યાં હતા. બાબરા તાલુકાના એક બેંક ખાતા ધારક વિરુદ્ધ સાયબર ફ્રોડના નાણાં પોતાના એકાઉન્ટમાં જમા કરાવી સગેવગે કરવાનો ગંભીર ગુનો નોંધાયો છે. આરોપીએ જાણ હોવા છતાં આર્થિક ફાયદા માટે પોતાના ખાતાનો ઉપયોગ કરીને છેતરપિંડીને અંજામ આપ્યો હતો. આરોપી જયસુખભાઈ કાન્તીભાઈ ઝાપડીયા, જે કીડી, તા. બાબરા, જિ. અમરેલીના રહેવાસી છે અને SBI બેંક, બાબરા શાખામાં ખાતું ધરાવે છે, તેમણે પોતાના બેંક એકાઉન્ટનો ઉપયોગ સાયબર ફ્રોડ માટે કર્યો હતો. આરોપી જયસુખભાઈએ ૨૬/૧૨/૨૦૨૩ થી ૦૪/૧૨/૨૦૨૫ સુધીના સમયગાળા દરમિયાન અલગ-અલગ તારીખે પોતાના બેંક ખાતામાં સાયબર ફ્રોડ દ્વારા મેળવેલા કુલ રૂ.૨,૬૫,૦૫૧/- (બે લાખ પાંસઠ હજાર એકાવન રૂપિયા) જમા કરાવ્યા હતા. આરોપીને સ્પષ્ટ જાણ હતી કે આ રકમ સાયબર ફ્રોડના નાણાં છે, તેમ છતાં તેણે પોતાના આર્થિક ફાયદા માટે આ ખાતાનો ઉપયોગ ચાલુ રાખ્યો હતો. તેણે આ ફ્રોડના પૈસા પોતાના બેંક એકાઉન્ટમાં જમા કરાવીને, ત્યારબાદ તે પૈસા ઉપાડીને સગેવગે કરી દીધા હતા, આમ વિશ્વાસઘાત અને છેતરપિંડીનો ગુનો આચર્યો હતો. પોલીસે આરોપી વિરુદ્ધ ગુનો નોંધીને આ સાયબર ફ્રોડના મૂળ સુધી પહોંચવા અને રકમની પુનઃપ્રાપ્તિ માટે કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. બીજા બનાવમાં ખાંભા તાલુકાના મોટા બારમણ ગામના એક આરોપીએ પોતાના બેંક ખાતામાં સાયબર ફ્રોડ દ્વારા મેળવેલા લાખો રૂપિયા જમા કરાવી, ત્યારબાદ આ નાણાં ઉપાડીને આર્થિક ફાયદો મેળવતા તેની વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો હતો. મોટા બારમણ ગામના શામજીભાઈ ખીમજીભાઈ શેખાએ પોતાના સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના એકાઉન્ટ નંબરનો ઉપયોગ કર્યો હતો. આરોપીના આ બેંક ખાતામાં ગત તારીખ ૦૭/૦૯/૨૦૨૫ ના રોજ અલગ-અલગ સમયે, એક કરતા વધુ વાર અન્ય ખાતા ધારકોના સાયબર ફ્રોડના કુલ રૂ. ૫,૪૫,૦૦૦ જમા થયા હતા. આરોપીને સ્પષ્ટ જાણ હતી કે આ રકમ અન્ય લોકો સાથે થયેલા સાયબર ફ્રોડના નાણાં છે, તેમ છતાં તેણે બદદાનતથી આ રકમ પોતાના ખાતામાં મેળવી હતી. ત્યારબાદ, પોતાના આર્થિક ફાયદા સારુ તેણે આ પૈસા ઉપાડી લઈને સગેવગે કરી દીધા હતા. સાયબર ફ્રોડની તપાસના ત્રીજા બનાવમાં બાબરા તાલુકાના કીડી ગામના એક યુવક વિરુદ્ધ સાયબર ફ્રોડના નાણાં પોતાના બેંક ખાતામાં મેળવીને સગેવગે કરવાનો ગંભીર ગુનો નોંધવામાં આવ્યો હતો. આરોપીએ જાણ હોવા છતાં આર્થિક લાભ ખાતર આ કૃત્ય કર્યું હતું. દિનેશભાઈ રાઘવભાઈ ગોલાણી, જે કીડી, તા. બાબરા, જિ. અમરેલીના રહેવાસી છે, અને SBI બેંક, બાબરા શાખામાં એકાઉન્ટ ધરાવે છે. આરોપી દિનેશભાઈએ ૨૦/૦૮/૨૦૨૫ થી ૧૪/૧૧/૨૦૨૫ સુધીના સમયગાળા દરમિયાન અલગ-અલગ તારીખે પોતાના નામથી ચાલતા SBI બેંકના આ એકાઉન્ટનો ઉપયોગ કર્યો હતો. તેણે પોતાના આર્થિક ફાયદા માટે આ ખાતામાં કુલ રૂ.૧,૦૧,૫૦૦ની રકમ RTGS, NEFT અને IMPS જેવા માધ્યમો દ્વારા સાયબર ફ્રોડના નાણાં તરીકે જમા કરાવી હતી. ત્યારબાદ તેણે આ રકમ સદર ખાતામાંથી ઉપાડી લઈને સગેવગે કરી દીધી હતી, આમ કાયદાનું ઉલ્લંઘન કરી ગુનો આચર્યો હતો. પોલીસે આ મામલે ગુનો નોંધીને આરોપી વિરુદ્ધ કાર્યવાહી હાથ ધરી છે અને આ સાયબર ફ્રોડના વ્યવહારોની સંપૂર્ણ તપાસ શરૂ કરી છે.

# સૌરાષ્ટ્ર પ્રદેશ કક્ષાના કલા મહાકુંભમાં સા.કુંડલાની મોદી હાઈસ્કૂલના વિદ્યાર્થીઓનું વિવિધ સ્પર્ધામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન

અમરેલી,તા.૧૨



અમરેલી ખાતે યોજાયેલ સૌરાષ્ટ્ર પ્રદેશ કક્ષાના કલા મહાકુંભમાં સંગીત-ગાયન સ્પર્ધા અંતર્ગત સુગમ સંગીતમાં સાવરકુંડલાની જે.વી. મોદી હાઈસ્કૂલના વિદ્યાર્થી ચૌહાણ શાહનવાઝ શબ્બીરભાઈ દ્વિતીય નંબરે વિજેતા બની રાજ્યકક્ષાએ ભાગ લેશે. તેના સંગીત સહાયક તરીકે ચોપડા રાહુલ અને વેગડ કુલદીપે ભૂમિકા ભજવી હતી. આ ઉપરાંત શાળાના માનદ્ શિક્ષિકા અલ્પાબેન રાવલે કાવ્યલેખન સ્પર્ધામાં જિલ્લા કક્ષાએ વિજેતા બની પ્રદેશ કક્ષાએ ભાગ લીધો હતો. સાંસદ ખેલ મહોત્સવમાં શાળાના વિદ્યાર્થી બગડા તરુણ અને કાછડીયા યુગે ચેસ સ્પર્ધામાં અનુક્રમે પ્રથમ અને દ્વિતીય નંબર પ્રાપ્ત કર્યો હતો. વિજેતા તમામ વિદ્યાર્થીઓને અને સંગીત શિક્ષક સંજયભાઈ મહેતાને તથા અલ્પાબેન રાવલને સંસ્થાના પ્રમુખ ચંદ્રિકાબેન ઘેલાણી, ઉપપ્રમુખ કનુભાઈ ગેડીયા અને મેનેજિંગ ટ્રસ્ટી મુકુંદભાઈ નાગ્રેચાએ અભિનંદન- શુભેચ્છાઓ પાઠવી હતી.

# અમરેલી જિલ્લામાં અકસ્માતની વધુ બે ઘટના: અકસ્માત સર્જી ચાલક ફરાર

અમરેલી, તા.૧૨

અમરેલી જિલ્લામાં અકસ્માતની વધુ બે ઘટના નોંધાઈ હતી. ધારીના ભાડેર ગામે રહેતા કાંતીભાઈ રવજીભાઈ સાવલીયા (ઉ.વ.૪૮) આઈસર ટ્રક વાહન રજી નં GJ ૩૬ T ૮૩૧૨ ના ચાલક સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપીએ પોતાના હવાલા વાળુ વાહન આઈસર ટ્રક રજી.નં. GJ ૩૬ T ૮૩૧૨ પુરઝડપે અને ગફલત ભરી રીતે ચલાવી તેમની ફોરવ્હીલ સ્વીફ્ટ ગાડી આર. ટી.ઓ. રજી. નં GJ ૦૧ KC ૪૨૪૯ વાહન સાથે ભટકાવી અથડાવી તેને ટાંકા આવે તેવી ઈજા તથા માથામાં હેમરેજ આવે તેવી ગંભીર ઈજા કરી હતી. અકસ્માત સર્જી વાહન ચાલક ફરાર થઈ ગયો હતો. રાજુલા મોટા આગરિયા ગામે રહેતા ગીતાબેન જગાભાઈ જાપડા (ઉ.વ. ૩૫)એ ફોર-વ્હીલ નં.GJ-૧૪-BD-૪૬૮૪ ના ચાલક સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેનો દીકરો નવઘણ ગામમાં ભાગ લેવા જતો હતો ત્યારે મોટા આગરીયા ગામના બસ સ્ટેન્ડથી આગળ રાજુલા–સાવરકુંડલા હાઈવે ઉપર પહોચતી વખતે એક કીયા કંપનીની ફોર-વ્હીલ જેના આર.ટી.ઓ રજી નં.GJ-૧૪-BD-૪૬૮૪ વાહનના ચાલકે પોતાની ફોર-વ્હીલ પુરઝડપે અને બેફીકરાઈથી માણસની જીંદગી જોખમાય તે રીતે ચલાવી તેના દીકરા નવઘણની સાથે ભટકાડી એક્સિડન્ટ કરીને ડાબા પગે ગંભીર ઈજા તથા શરીરે અલગ અલગ જગ્યાએ છોલાણની ઈજાઓ કરી પોતાનું વાહન લઈ નાસી ગયો હતો.

# ધારીના દલખાણીયા પ્રા.શાળામાં સેફ્ટી અઠવાડિયાનું આયોજન

ધારી,તા.૧૨



ધારી તાલુકાના દલખાણીયા પ્રાથમિક શાળામાં પીજીવીસીએલ દ્વારા સેફ્ટી વીક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ધારી પીજીવીસીએલના નાયબ કાર્યપાલક ઈજનેર વાળા મુખ્ય અતિથિ તરીકે હાજર રહ્યા હતા. વિદ્યાર્થીઓને વીજ સુરક્ષા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું અને સુરક્ષિત વર્તન અંગે જાગૃતિ ફેલાવવામાં આવી હતી સાથે જ નાયબ કાર્યપાલકના અધ્યક્ષ સ્થાને ચિત્ર સ્પર્ધાનું પણ આયોજન કરી વિદ્યાર્થીઓને સેફટી અંગે સર્જનાત્મક અભિવ્યક્તિનો મોકો આપવામાં આવ્યો હતો. સ્પર્ધામાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓને ઈનામો આપવામાં આવ્યા. કાર્યક્રમમાં દલખાણીયા પ્રાથમિક શાળાના શિક્ષકો, આચાર્ય અને વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

# જિલ્લામાં ૭ લોકો પાસેથી ૧૮ લીટર પીવાનો દેશી દારૂ મળ્યો

**૧૫ ઈસમો વીના પાસ પરમીટે કેફી પીણુ પીધેલી હાલતમાં ઝડપાયા**

અમરેલી, તા.૧૨

અમરેલી જિલ્લા પોલીસે દારૂબંધીના કાયદાનો કડક અમલ કરતાં સઘન ચેકિંગ હાથ ધર્યું હતું, જેમાં મોટી સંખ્યામાં કેફી પીણું પીધેલા ઈસમો અને દેશી દારૂનો જથ્થો ઝડપાયો હતો. જિલ્લામાં સાત લોકો પાસેથી પોલીસે પીવાનો ૧૮ લીટર દેશી દારૂ જપ્ત કર્યો હતો. આ સિવાય જિલ્લામાંથી ૧૫ ઈસમો વગર પાસ પરમીટે કેફી પીણુ પીધેલી હાલતમાં ફરતા મળી આવ્યા હતા. જિલ્લા પોલીસ વડાએ જણાવ્યું હતું કે જાહેર જનતાની શાંતિ અને સલામતી જાળવવા માટે દારૂબંધીના કાયદાનો ભંગ કરનારાઓ સામે આગામી દિવસોમાં પણ આવી કડક કાર્યવાહી સતત ચાલુ રહેશે.

# વડીયાના જીથુડી ગામે વીજપોલના તાણીયાને અડકતાં ભેંસનું મોત

વડીયા, તા.૧૨

વડીયા તાલુકાના જીથુડી ગામે ગૌચર જમીનમાં ચરતી એક ભેંસનું ઈલેક્ટ્રિક પોલના તાણીયામાં કરંટ લાગવાથી મૃત્યુ થયું હોવાનો બનાવ સામે આવ્યો હતો. આ અંગે પશુમાલિક દ્વારા પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી હતી. નારણભાઈ કડવાભાઈ લાંબરીયા (ઉં.વ.૩૬) એ જાહેર કર્યા મુજબ, જીથુડી ગામના કેતનભાઈ વઘાસીયાના ખેતર પાસે આવેલી ગૌચર જમીનમાં પોતાની ભેંસો ચરાવી રહ્યા હતા. ગૌચર જમીનમાં ચાલુ ઈલેક્ટ્રિક વીજપોલના બે થાંભલાઓ આવેલા છે. આ થાંભલાઓ પાસે તાણીયા (સપોર્ટ વાયર) આવેલા હતા. ચરતી વખતે ફરિયાદીની આશરે ૩ વર્ષની એક ભેંસ આ તાણીયા પાસે ગઈ હતી. કોઈ અકસ્માતને કારણે ભેંસને આ તાણીયામાંથી ઈલેક્ટ્રિક શોક લાગ્યો હતો. કરંટ લાગવાના કારણે આશરે રૂ.૫૦,૦૦૦ ની કિંમતની ભેંસનું ઘટનાસ્થળે જ મૃત્યુ નિપજ્યું હતું. વડીયા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ડી.ટી. બળસટીયા વધુ તપાસ કરી રહ્યા છે.

**વડીયા પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરાઈ**

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: નોમ
તા. ૧૩-૧૨-૨૦૨૫, શનિવાર, સૂર્યોદય-૦૭:૧૧,
સૂર્યાસ્ત-૦૫:૪૯, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: હસ્ત

## દૈનિક રાશિફળ

**તા.૧૩-૧૨-૨૦૨૫ શનિવાર**

મેષ: આજના દિવસે તમારે ખૂબ જ મહેનત કરવી પડી શકે છે. જો તમે વેપારી છો તો આજે તમારે બિનજરૂરી વધારે પડતો શ્રમ કરવો પડી શકે છે.

વૃષભ: આજનો દિવસ દોડધામમાં પસાર થશે. ક્યારેક સંતાનો સાથે સંકળાયેલી સમસ્યાઓના સમાધાન માટે મહેનત કરશો તો ક્યારેક મિત્રોના કોઈ કામથી જવાનું થઈ શકે છે.

મિથુન: આજનો દિવસ સુખદ જણાઈ રહ્યો છે. નોકરી અને વ્યવસાય સાથે જોડાયેલી સમસ્યાઓનું સમાધાન થશે અને તમે પ્રગતિ કરી શકશો.

કર્ક: આજનો દિવસ તમારા માટે મોજ મસ્તીવાળો રહેશે અને આજે તમે તમારા પરિવારમાં જ મસ્ત રહેશો.

સિંહ: આજનો દિવસ તમારા માટે મિશ્રિત ફળદાયક છે. મોટા અધિકારી સાથે વિવાદ થઈ શકે છે અને તમને નુકસાન થઈ શકે છે.

કન્યા: આજનો દિવસ મહેનત કરીને પરિણામ મેળવવા માટેનો દિવસ છે. આજે પરિવારના લોકો તમારી મદદ કરશે અને તમારૂ નસીબ તમને સાથ આપશે.

તુલા: આજે ઓફિસમાં અધિકારીઓ પણ તમારા કામના વખાણ કરવામાં પાછીપાની નહી કરે.

વૃશ્ચિક: આજે કાર્ય ક્ષેત્રમાં તમારા વરિષ્ઠ અધિકારીઓ સાથે વિવાદ થઈ શકે છે. કામમાં બેદરકારી રાખવાથી આવું થઈ શકે છે.

ધન: આજે કોઈ કારણોસર તમે માનસિક રીતે વ્યસ્ત રહેશો. આજનો દિવસ કોઈ પણ પ્રકારની અશાંતિમાં પસાર થશે.

મકર: આજનો દિવસ તમારા માટે ખાસ છે. આજે કોઈ પણ પ્રકારના વિવાદોથી દૂર રહેવાની જરૂર છે.

કુંભ: આજે તમારો દિવસ મિશ્રિત રહેશે અને કોઈ મામલે લાભ તો કોઈ મામલે નુકસાન થઈ શકે છે.

મીન: આજનો દિવસ ઉત્તમ થવા જઈ રહ્યો છે. આજે તમને ક્યાંક અટવાયેલા રૂપિયા મળવાની આશા દેખાઈ રહી છે.

**જયપુરમાં ગોંધી રાખી બેંક ખાતાનો ઉપયોગ કર્યો**

# લોન-સબસિડીની લાલચ આપી દામનગરના વેપારી સાથે ૪૬ લાખની છેતરપિંડી

**અમરેલી સાયબર ક્રાઈમ પોલીસે તપાસ હાથ ધરી**

અમરેલી, તા.૧૨

મોટી લોન અને ૩૫ ટકા સબસિડી અપાવવાની લાલચ આપીને હિન્દીભાષી ઠગ ટોળકીએ અમરેલી જિલ્લાના એક વેપારી સાથે રૂ. ૪૬ લાખથી વધુની સાયબર છેતરપિંડી આચરી હોવાનું સામે આવ્યું હતું. આરોપીઓએ ફરિયાદીને જયપુર ખાતે બોલાવીને હોટેલમાં ગોંધી રાખ્યા હતા અને તેમના બેંક ખાતાનો ઉપયોગ કરીને સાયબર ફ્રોડના નાણાં સગેવગે કરી વિશ્વાસઘાત અને છેતરપિંડી આચરી હતી. આ અંગે દામનગરમાં રહેતા ગજાનંદ ભરતગીરી ગૌસ્વામી (ઉ.વ.૨૩) એ ત્રણ ઈસમો સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, આ કામના આરોપીઓમાં મોબાઈલ નંબર +૬૩૯૩૦૭૬૦૧૭૯૫ નો ઉપયોગ કરનાર એક હિન્દીભાષી પુરુષ, રાજસ્થાન ખાતેની હોટેલમાં મળેલા અજાણ્યા ઈસમો અને બેંક ખાતું વાપરનાર વ્યક્તિઓનો સમાવેશ થાય છે. આ તમામ ઈસમોએ એકબીજા સાથે મળીને પૂર્વ આયોજિત કાવતરું રચ્યું હતું. ફરિયાદીને આરોપીઓએ રૂ.૨૫ લાખ કે તેનાથી વધુની લોન અને ૩૫ ટકા સબસિડી કરાવી આપવાની લાલચ આપી હતી. આ લાલચમાં આવીને ફરિયાદી જયપુર ગયા હતા, જ્યાં તેમને હોટેલમાં ગોંધી રાખવામાં આવ્યા હતા. ગોંધી રાખ્યા બાદ આરોપીઓએ ફરિયાદી પાસેથી ગાયત્રી મહિલા ગૃહ ઉદ્યોગ સહકારી મંડળીનું અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકની દામનગર શાખાનું કરન્ટ ખાતું નં. ૬૯૩૦૦૮૦૦૧૩૪૨ મેળવી લીધું હતું. ફરિયાદીને કોઈ પણ જાણ કર્યા વિના, આ આરોપીઓએ તે બેંક ખાતામાં કુલ રૂ. ૪૬,૬૪,૫૯૭/- ના ટ્રાન્ઝેક્શન કરીને સાયબર ફ્રોડ દ્વારા મેળવેલા નાણાં જમા કરાવ્યા હતા. ત્યારબાદ, આ તમામ નાણાં પોતાની મેળે સગેવગે કરીને ફરિયાદી સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી આચરી ગુનો કર્યો હતો. પોલીસે આ મામલે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી હતી. અમરેલી સાયબર ક્રાઈમ પોલીસના પીઆઈ વી.કે. ચુડાસમા વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલી પંચાયત ઓફિસ ખાતે ૧૦૮ દ્વારા એસ.ટી.નિગમના કર્મચારીઓને માર્ગદર્શન

**ઇમરજન્સીમાં કેવી રીતે પ્રાથમિક સારવાર આપવી તેની વિગતવાર સમજ અપાઈ**

અમરેલી,તા.૧૨



અમરેલી પંચાયત ઓફિસ ખાતે ૧૦૮ ઈમરજન્સી સેવા દ્વારા જીએસઆરટીસી નિગમના કર્મચારીઓને વિવિધ ઈમરજન્સી પરિસ્થિતિઓ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું. કાર્યક્રમ દરમિયાન સીપીઆર, ફર્સ્ટ એડ, કાર્ડિયાક, કન્વર્ઝન અને પેરાલીસીસ જેવી મહત્વપૂર્ણ ઈમરજન્સીમાં કેવી રીતે પ્રાથમિક સારવાર આપવી તેની વિગતવાર સમજ આપવામાં આવી. ઉપરાંત, ૧૦૮ સેવાની કાર્યપદ્ધતિ અંગે પણ જાણકારી આપવામાં આવી હતી. કર્મચારીઓને પ્રાયોગિક સમજ આપવા ડેમો સત્રનું આયોજન કરાયું હતું.

# અમરેલીમાં PGVCLની નવી ગ્રામીણ-૨ પેટા વિભાગ કચેરીને મંજૂરી

અમરેલી, તા.૧૨



રાજ્ય સરકારે અમરેલીમાં પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ (PGVCL) હસ્તકની નવી ગ્રામીણ-૨ પેટા વિભાગ કચેરીને મંજૂરી આપી છે, જે સ્થાનિકો માટે વહીવટી સુગમતા લાવશે. ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ રાજ્ય મંત્રી કૌશિકભાઈ વેકરીયાએ ખાસ કિસ્સામાં કુલ ૪૪ જગ્યાઓ સાથે આ કચેરીની રચનાને મંજૂરી આપી છે. લાંબા સમયથી અમરેલી ગ્રામીણ પેટા વિભાગ કચેરીનું વિભાજન કરીને નવી કચેરી બનાવવાની માંગણી હતી. પ્રજાની રજૂઆતને ધ્યાનમાં રાખીને, મંત્રી વેકરીયાએ સત્તા સંભાળ્યાના માત્ર દોઢ માસમાં જ ઊર્જા વિભાગને આ કચેરીની રચનાને મંજૂરી આપવા નિર્દેશ આપ્યા હતા.

તેના અનુસંધાને, ઊર્જા વિભાગ દ્વારા ૧૦મી ડિસેમ્બરના રોજ નોટિફિકેશન બહાર પાડીને કચેરીના વિભાજનને મંજૂરી આપવામાં આવી છે. મંજૂર કરાયેલી ૪૪ જગ્યાઓમાંથી, ૩૫ નવી જગ્યાઓ ઊભી કરાશે અને ૯ જગ્યાઓ હાલના અમરેલી ગ્રામીણ પેટા વિભાગમાંથી સ્થાનાંતરિત કરવામાં આવશે. આ નિર્ણયથી વીજવહીવટ વધુ સુચારુ બનશે.

તંત્રી લેખ

# અમેરિકાના સૌથી મોટા ઉપગ્રહને ઈસરો અવકાશમાં મોકલશે

અમેરિકન પ્રેસિડેન્ટ ડોનાલ્ડ ટ્રમ્પ ભલે ભારતને ધમકી આપે પરંતુ નાસાએ તૈયાર કરેલો વિશ્વનો સૌથી મોટો ઉપગ્રહ ભારતની અવકાશ સંશોધન સંસ્થા ઈસરો અંતરીક્ષમાં મોકલશે તે આપણા માટે ગૌરવની વાત છે!! ઈસરોમાં કામ કરતા ભારતીય એન્જિનિયરો જે કાર્ય કરી રહ્યા છે તે જાણીને અમેરિકા સમજે છે કે ભારતની ક્ષમતા જેવી તેવી નથી અને આથી જ અમેરિકાના સૌથી મોટા ઉપગ્રહને અવકાશમાં તરતો મુકવાનું કામ ઈસરો દ્વારા કરવામાં આવી રહ્યું છે. ભારતીય અવકાશ સંશોધનની યાત્રા એ સંકલ્પ અને સિદ્ધિની એક અદ્‌ભુત ગાથા છે. એક નાનકડી શરૂઆતથી પ્રારંભ કરી, ઈસરો આજે વિશ્વના અવકાશી નકશા પર એક મજબૂત, વિશ્વસનીય અને મહાશક્તિ તરીકે ઉભરી આવ્યું છે. મંગળયાન જેવા માઈલસ્ટોન સ્પર્શવાથી લઈને ચંદ્રયાન-૩ સાથે ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર ઐતિહાસિક ઉતરાણ કરવા સુધી, તેની સફળતાઓએ રાષ્ટ્રીય ગૌરવની ભાવના જગાડી છે. કેટલાકને આશ્ચર્ય થાય છે કે શું આ ફક્ત સંશોધનની દિશામાં છે, પરંતુ ઈસરોએ તેની વ્યવસાયિક ચુસ્તતા અને ખર્ચ-કાર્યક્ષમતા દ્વારા સાબિત કર્યું છે કે તે વ્યાપારીકરણ અને સહયોગના ક્ષેત્રમાં પણ સમાન રીતે સફળ છે. આજે, જ્યારે તે ભારતના સૌથી શક્તિશાળી રોકેટ એલવીએમ-૩ દ્વારા અમેરિકાનો વિશાળ ઉપગ્રહ બ્લુબર્ડ-૬ અવકાશમાં મોકલવાની તૈયારી કરે છે, ત્યારે તે ફક્ત એક લોન્ચ નથી, પણ ભારતની વૈશ્વિક અવકાશ સેવાઓના હબ તરીકેની સ્થિતિની ઘોષણા છે. આ પ્રક્રિયા અચાનક થઈ નથી. ઈસરોએ પોતાની વિશ્વસનીયતા અને શ્રેષ્ઠતાનું ગૌરવ સતત અને સુસંગત પ્રદર્શનથી મેળવ્યું છે. લગભગ ૪૦૦ વિદેશી ઉપગ્રહોને અવકાશમાં પહોંચાડવાનો રેકોર્ડ એ ફક્ત સંખ્યાબંધ નથી, પણ વિશ્વભરના દેશોનો વિશ્વાસ દર્શાવે છે. યુરોપીયન દેશોથી લઈને યુનાઈટેડ અરબ અમીરાત અને અમેરિકા સુધી, રાષ્ટ્રો ઈસરોની પી.એસ.એલ.વી. જેવી લોન્ચ વાહનોની ઉચ્ચ સફળતા દર અને અતુલ્ય ખર્ચ-કાર્યક્ષમતા તરફ આકર્ષાયા છે. આ વ્યાપારી સેવાઓએ ભારતને અવકાશીય ઉદ્યોગમાં એક મહત્વપૂર્ણ ખેલાડી બનાવ્યો છે, જે વિશ્વભરમાં સંચાર, નેવિગેશન, પૃથ્વી નિરીક્ષણ અને સંશોધન માટે આવશ્યક માળખું પૂરું પાડે છે. દરેક સફળ લોન્ચ સાથે, ઈસરો વૈશ્વિક અવકાશ સહયોગના માળખામાં ગૌરવપૂર્ણ સ્થાન પ્રાપ્ત કરે છે. જે ભારતના તકનીકી કૌશલ્ય અને વ્યવસ્થાપનીય ક્ષમતાઓનું પ્રતીક બને છે. આ ઐતિહાસિક પ્રક્રિયામાં નવું પાનનું ઉમેરવાની તૈયારીમાં છે, જે બ્લુબર્ડ-૬ ઉપગ્રહ છે. ૬.૫ ટન જેટલું વજનદાર, ૨૪૦૦ ચોરસ ફૂટ જેટલા વિશાળ કદવાળી અને અત્યાધુનિક તકનીકથી સજ્જ આ સંરચના ફક્ત એક ઉપગ્રહ નથી, પણ નીચી પૃથ્વી કક્ષામાં (LEO) મૂકવામાં આવશે તેવો સૌથી મોટો વ્યાપારી સમૂહ છે. એએસટી સ્પેસ મોબાઈલ દ્વારા વિકસાવાયેલ આ ઉપગ્રહ વૈશ્વિક મોબાઈલ કનેક્ટિવિટીના ક્ષેત્રમાં ક્રાંતિ લાવવાની ક્ષમતા ધરાવે છે. તેના પૂર્વવર્તીઓ કરતાં ૧૦ ગણી વધુ ડેટા ક્ષમતા ધરાવતો, બ્લુબર્ડ-૬ દૂરસ્થ વિસ્તારો, સમુદ્રી માર્ગો અને આપત્તિ-ગ્રસ્ત પ્રદેશોમાં પણ ઉચ્ચ-ગતિની ડેટા સેવાઓ પહોંચાડી શકશે. શ્રીહરિકોટાના સતીશ ધવન અવકાશ કેન્દ્રથી આ લોન્ચ ફક્ત એક વ્યવસાયિક કરારની પરિપૂર્ણતા નથી; તે એક પ્રતીકાત્મક ક્ષણ છે, જે ભારતની જટિલ અને ભારે ઉપગ્રહોને અવકાશમાં પહોંચાડવાની ક્ષમતાની પુષ્ટિ કરે છે. અહીં એક વિશેષ બાબત ધ્યાન આકર્ષિત કરે છેઃ અમેરિકા, જે વિશ્વની સૌથી નામાંકિત નાસા જેવી સંસ્થા ધરાવે છે, તે પણ તેના મહત્વપૂર્ણ ઉપગ્રહને અવકાશમાં મોકલવા માટે ભારત પર આધાર રાખી રહ્યું છે.

# વિશ્વશાંતિ અને સહિષ્ણુતાના પ્રતિક ભગવાન પાર્શ્વનાથ



પ્રાસંગિક
સુરેશ દેસાઈ

જૈન ધર્મની પાવન સરિતામાં અનેક મહાન આત્માઓએ જન્મ લીધો છે, જેમણે અહિંસા, સત્ય અને આત્મસંયમનો અમૂર્ત માર્ગ સ્થૂળ જગતને સમજાવ્યો. આ ધર્મના ચોવીસ તીર્થંકરોમાંથી ત્રેવીસમા તીર્થંકર ભગવાન પાર્શ્વનાથ એક અનન્ય સ્થાન ધરાવે છે. તેમનો જીવન પ્રવાસ એક રાજકુમારની ભવ્યતાથી શરૂ થઈ સર્વસંગપરિત્યાગી સાધુની પરમ શાંતિ સુધી પહોંચે છે. તેમની કથા કેવળ એક ધાર્મિક આખ્યાન નથી, પરંતુ તે માનવીની આંતરિક શક્તિ, અડગ સંકલ્પ અને સર્વભૂત હિતના ભાવનો પ્રબળ દસ્તાવેજ છે. પ્રાચીન કાશીની પવિત્ર ભૂમિમાં જન્મેલા પાર્શ્વનાથે જે ચતુર્યામ ધર્મ (ચાર વ્રતો)નો ઉપદેશ આપ્યો, તે આજે પણ માનવજાતિને પર્યાવરણ, પ્રાણી કલ્યાણ અને આધ્યાત્મિક શાંતિનો માર્ગ દર્શાવે છે. તેમનો જીવનોદ્દેશ્ય એ સંદેશ આપે છે કે સાચો વિજય શસ્ત્રથી નહિ, પરંતુ આત્મબળ, કરુણા અને સહિષ્ણુતાથી મળે છે. આ લેખમાં આપણે ભગવાન પાર્શ્વનાથના જન્મ, સંસારત્યાગ, કઠોર સાધના અને શાશ્વત ઉપદેશોની યાત્રા કરીશું. જૈન ધર્મ ભારતીય ધર્મ અને દર્શનની એક પ્રાચીન અને સમૃદ્ધ પરંપરા છે. તેનો કેન્દ્રિય સિદ્ધાંત 'અહિંસા' છે, એટલે કે કોઈ પણ પ્રાણીને ઈજા ન કરવી. જૈન ધર્મ માને છે કે દરેક જીવ (આત્મા)માં શુદ્ધ ચેતનાની અનંત શક્તિ છે અને તે કર્મના બંધનથી મુક્ત થઈ મોક્ષ (મુક્તિ) પ્રાપ્ત કરી શકે છે. આ ધર્મનો આધાર 'ત્રિરત્ન' પર રચાયો છેઃ સમ્યક્ દર્શન (સાચો શ્રદ્ધાભાવ), સમ્યક્ જ્ઞાન (સાચું જ્ઞાન) અને સમ્યક્ ચારિત્ર્ય (સાચું આચરણ). જૈન દર્શન સંપૂર્ણ વસ્તુસ્થિતિને સમજવા માટે 'અનેકાંતવાદ' અને 'સ્યાદવાદ'નો માર્ગ દર્શાવે છે, એટલે કે કોઈ એક જ સત્ય નથી, પરંતુ વિવિધ દૃષ્ટિકોણથી સત્યને જોવું. આ ધર્મમાં, તીર્થંકરોનું સ્થાન ઘણું વિશિષ્ટ છે. તીર્થંકર એટલે 'તીર્થ'ના નિર્માતા, એવા મહાન આત્માઓ જેઓ સંપૂર્ણ મોક્ષ પામ્યા પછી જગતને મોક્ષનો માર્ગ દર્શાવે છે. જૈન ધર્મમાં એવી માન્યતા છે કે આ ચક્રમાં ચોવીસ તીર્થંકરો થયા છે. પહેલા તીર્થંકર ઋષભનાથ (આદિનાથ) હતા, જેમણે માનવ સમાજને કૃષિ, ન્યાય વ્યવસ્થા જેવી મૂળભૂત કલાઓ શીખવી. તેમાંથી ત્રેવીસમા તીર્થંકર પાર્શ્વનાથ અને ચોવીસમા અને અંતિમ તીર્થંકર મહાવીર સ્વામી છે. દરેક તીર્થંકરના જીવનનો આધાર સંયમ, ત્યાગ અને સર્વભૂત હિતને સમર્પિત છે. આ ચોવીસ તીર્થંકરોમાં ભગવાન પાર્શ્વનાથનું સ્થાન અત્યંત ગૌરવશાળી છે. તેમનો જીવનકાળ ઐતિહાસિક રીતે મહાવીર સ્વામીથી પણ પ્રાચીન માનવામાં આવે છે. પાર્શ્વનાથનો જન્મ લગભગ ત્રણ હજાર વર્ષ પૂર્વે વારાણસી (કાશી) નગરીમાં ઈક્ષ્વાકુ વંશમાં થયો હતો. તેમના પિતા અશ્વસેન કાશીના રાજા અને માતા રાણી વામાદેવી હતા. રાજપ્રાસાદમાં જન્મેલા આ રાજકુમારનું નામ 'પાર્શ્વ' રાખવામાં આવ્યું. બાળપણથી જ તેઓ ગંભીર, વિવેકી અને કરુણાદ્ર હૃદયના હતા. એક દંતકથા પ્રમાણે બાળપણમાં એક સાધુને ભિક્ષા અર્પણ કરતી વખતે તેમના મનમાં વૈરાગ્યનો ઉદય થયો. રાજકુમાર તરીકે તેમણે સંપૂર્ણ શિક્ષણ અને શસ્ત્રવિદ્યા પ્રાપ્ત કરી, પરંતુ તેમનું મન સંસારી સુખમાં નહિ પરંતુ ઊંડા આધ્યાત્મિક પ્રશ્નોમાં રમમાણ રહેતું. એક ઘટનાએ તેમના જીવનને નિર્ણાયક વળાંક આપ્યો. એક દિવસ રાજમહેલમાં રમતાં સમયે તેમણે એક બિલાડીને સર્પનો શિકાર કરતો જોઈ. બંને પ્રાણીઓના ભય અને વેદનાથી વ્યથિત થઈ, પાર્શ્વે તરત જ હસ્તક્ષેપ કરી બિલાડીને દૂર કરી અને સર્પને બચાવ્યો. આ ઘટનાએ તેમને આઘાત પહોંચાડ્યો અને સંસારની હિંસા તરફ ઉદાસીનતા જાગ્રત કરી. ઉંમરલાયક થતાં તેમના પિતા અશ્વસેને તેમનું લગ્ન પ્રભાવતી નામની રાજકન્યા સાથે કરી દીધું. પરંતુ સંસારનાં બંધનોમાં બંધાયેલા પાર્શ્વનું મન તો સંયમ અને સાધનાની દિશામાં ધડકતું હતું. ત્રીસ વર્ષની વયે, જ્યારે તેમણે સંસારની અસારતા અને જીવહિંસાની વ્યાપકતાનું ગહન અવલોકન કર્યું, ત્યારે તેમણે મોક્ષ માર્ગની ખોજમાં ઘરત્યાગ કરવાનો નિર્ણય લીધો. તેમણે સર્વસંગપરિત્યાગ કરી દીર્ઘ તપશ્ચર્યા શરૂ કરી. બાર વર્ષ સુધી કઠોર સાધના કરી, વનમાં ભટકતા, મૌન ધારણ કરતા પાર્શ્વે અંતે 'કૈવલ્ય જ્ઞાન' (સર્વોચ્ચ જ્ઞાન) પ્રાપ્ત કર્યું. તેમના જ્ઞાનના પ્રભાવથી લોકો તેમની તરફ ખેંચાયા અને તેમણે ધર્મનો પ્રચાર શરૂ કર્યો. તેમણે જૈન સંઘની સ્થાપના કરી અને ચાર ભેદ - સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા - ની રચના કરી, જે આજ પણ જૈન સમાજનો આધાર છે. પાર્શ્વનાથે 'ચતુર્યામ ધર્મ'નો ઉપદેશ આપ્યો, એટલે કે ચાર વ્રતઃ અહિંસા, સત્ય, અસ્તેય (ચોરી ન કરવી) અને અપરિગ્રહ (સંગ્રહ ન રાખવો). આ ચાર વ્રતો જીવનને સાદગીભર્યું અને હિંસારહિત બનાવવામાં માર્ગદર્શક થયા. એક મહત્વપૂર્ણ પ્રસંગ તેમના અને એક આત્મઘાતી સાધુ કમઠનો છે. કમઠ કઠોર તપ કરતો હતો, પરંતુ તેમાં અભિમાન આવી ગયું હતું. પાર્શ્વનાથના શાંત અને સંતુલિત ઉપદેશોથી તે નારાજ થયો અને તેમને હાનિ પહોંચાડવા પ્રયત્નો કર્યા. પણ પાર્શ્વનાથે કોઈ પણ પ્રતિકાર અથવા ક્રોધ વગર, માત્ર કરુણા અને સહનશીલતાથી તેનો સામનો કર્યો. આખરે, પાર્શ્વનાથની અચળ શાંતિ આગળ કમઠનું અભિમાન ઓગળી ગયું અને તે તેમનો શિષ્ય બની ગયો. આ ઘટના સહિષ્ણુતા અને અહિંસાની મહત્તા દર્શાવે છે. સો વર્ષનું આયુષ્ય ભોગવી, સહસ્રો લોકોને મોક્ષનો માર્ગ દર્શાવી, ભગવાન પાર્શ્વનાથે સમેતશિખર પર્વત પર નિર્વાણ (મોક્ષ) પ્રાપ્ત કર્યું. તેમનું શિક્ષણ આજે પણ પ્રસંગિક છે. પર્યાવરણ સંરક્ષણ, પ્રાણીઓ પ્રત્યે દયા અને સાદું જીવન જીવવાનો સંદેશ તેમના જીવનથી મળે છે. જૈન મંદિરોમાં તેમની શાંત મૂર્તિઓ, સર્પના ફણા વડે છાયા કરતી, ભક્તોને આત્મિક શાંતિ અને સંકલ્પની પ્રેરણા આપે છે. પાર્શ્વનાથનો જીવન માર્ગ એ સંદેશ છે કે સાચી શક્તિ હિંસામાં નહિ, પણ આત્મસંયમ, કરુણા અને અડગ શાંતિમાં છે.

**જૈન ધર્મના તીર્થંકર પાર્શ્વનાથ પ્રભુના જન્મ કલ્યાણક પ્રસંગ નિમિત્તે ખાસ લેખ**

# શબ્દ સંજોગ-૨૧૧૬



**આડી ચાવી :**
(૧) શિવનું નિવાસ સ્થાન (૩)
(૩) એક પ્રખ્યાત સૂર્યવંશી રાજા (૩)
(૬) ક્યારે (૨)
(૭) અંગૂઠા પાસેની આંગળી (૩)
(૮) દંડ, નસિયત (૨)
(૯) મનનો તરંગ (૩)
(૧૧) દબાવી ટીપીને જાડું કરાતું ઉની કાપડ (૩)
(૧૩) મેંદી (૨)
(૧૫) તબલા- નરઘા વગાડનાર (૪)
(૧૮) નવું (૩)
(૨૦) દુઃખી, ભયભીત (૩)
(૨૨) નૃત્ય, અભિનય (૨)
(૨૩) બાયલું, ઢીલું (૨)
(૨૫) બારણું, દરવાજો (૨)
(૨૬) એક જાતનું પહેરણ (૩)
(૨૭) પ્રતિપક્ષ, વિરોધી જમાવટ (૨)
(૨૮) સોનાના કસનો આંક (૨)
(૩૦) ઢોરનો વાડો, ઝોક (૨)
(૩૧) પ્રજાનું શાસન કરનારી સત્તા (૪)

**ઉભી ચાવી :**
(૧) રાક્ષસ (૩)
(૨) લાવણ્ય, સુંદરતા (૩)
(૩) સર્જેલું તે, કૃતિ (૩)
(૪) ઈશ્વરકૃપા, સદ્‌ભાગ્ય (૪)
(૫) ખજાનાનો ઉપરી, કોષાધ્યક્ષ (૪)
(૧૦) એક ઘણો તેજસ્વી હીરો (૪)
(૧૨) લાભ, ફાયદો (૨)
(૧૪) જ્ઞાતિ, જાત (૨)
(૧૬) પરબીડિયું, કવર (૩)
(૧૭) વિદ્યા કે વિદ્વાનોના મંડળનું ધામ (૪)
(૧૯) નનામી, ઠાઠડી (૩)
(૨૧) ચપલ, અસ્થિર (૩)
(૨૪) સૂતરને પાંજણ પાનાર (૪)
(૨૬) ખાણ ખોદનારો (૩)
(૨૯) દરિયામાં બે મોજા વચ્ચે પડતી ખાઈ જેવો ખાડો (૨)

## શબ્દ સંજોગ-૨૧૧૫ જવાબ

**આડી ચાવીઃ** (૧) લાડ (૨) કરીષિણી (૭) પાવડી (૯) ચરક (૧૧) રોષ (૧૨) વય (૧૩) આરોપ (૧૫) માળી (૧૬) જરા (૧૭) બરોળ (૧૯) મલમ (૨૧) વારો (૨૨) વસુંધરા (૨૪) પાડોશી (૨૬) શોધ (૨૭) ટૂંક.
**ઉભી ચાવીઃ** (૧) લાલચ (૩) રીનારોય (૪) ણીપા (પાણી) (૫) એડી (૬) મૂક (૮) વધારો (૧૦) રસોળી (૧૨) વકરો (૧૩) આરામ (૧૪) પશ્ચિમ (૧૫) માલિક (૧૭) બગાસું (૧૮) ળવરા (વરાળ) (૨૦) ભરડો (૨૨) વધ (૨૩) ધરી (૨૪) પાક (૨૫) શીર્ણ.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૨૬૦ | ૧૫૫૨ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૫૨૯ |
| ઘઉં ટુકડા | ૫૦૨ | ૬૦૯ |
| જુવાર સફેદ | ૮૪૬ | ૯૬૬ |
| બાજરી | ૩૮૨ | ૪૮૧ |
| મકાઇ | ૩૪૦ | ૪૩૦ |
| તુવેર | ૯૦૦ | ૧૪૩૦ |
| ચણા પીળા | ૯૩૦ | ૧૦૭૫ |
| ચણા સફેદ | ૧૩૮૦ | ૧૮૧૦ |
| અડદ | ૧૧૦૦ | ૧૪૭૬ |
| મગ | ૧૨૦૦ | ૧૭૭૦ |
| વાલ દેશી | ૫૦૦ | ૯૨૫ |
| ચોળી | ૯૩૦ | ૧૧૬૦ |
| મઠ | ૮૦૦ | ૧૫૫૦ |
| વટાણા | ૧૨૦૦ | ૧૮૬૦ |
| કળથી | ૪૫૦ | ૫૭૫ |
| રાજમા | ૯૦૦ | ૧૪૫૦ |
| મગફળી જાડી | ૧૦૧૫ | ૧૩૮૦ |
| મગફળી જીણી | ૧૦૦૦ | ૧૩૫૦ |
| તલી | ૧૭૫૧ | ૨૦૬૫ |
| એરંડા | ૧૦૦૦ | ૧૩૦૦ |
| અજમો | ૧૨૨૦ | ૧૩૮૦ |
| સુવા | ૧૨૨૦ | ૧૫૫૦ |
| સોયાબીન | ૮૦૦ | ૮૬૦ |
| સીંગફાડા | ૯૪૪ | ૧૪૪૮ |
| કાળા તલ | ૩૬૫૦ | ૫૧૭૦ |
| લસણ | ૭૭૦ | ૧૩૦૦ |
| ધાણા | ૧૩૫૦ | ૧૮૪૪ |
| મરચા સુકા | ૧૪૦૦ | ૩૪૦૦ |
| ધાણી | ૧૪૩૦ | ૧૯૧૧ |
| વરીયાળી | ૧૧૬૦ | ૧૬૨૫ |
| જીરૂ | ૩૫૦૦ | ૩૯૪૦ |
| રાય | ૧૩૫૧ | ૨૦૧૫ |
| મેથી | ૯૦૫ | ૧૪૫૦ |
| ઇસબગુલ | ૧૦૦૦ | ૨૧૨૫ |
| અશેરીયો | ૧૧૨૫ | ૧૨૨૫ |
| કલોંજી | ૪૦૦૦ | ૪૪૦૦ |
| રાયડો | ૧૦૭૫ | ૧૩૦૦ |
| રજકાનું બી | ૮૬૦૦ | ૮૬૦૦ |
| ગુવારનું બી | ૮૦૦ | ૯૦૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૧૭૩ | ૬૯૧ |
| પપૈયા | ૮૪ | ૧૦૭ |
| બટેટા | ૧૩૭ | ૪૦૩ |
| ડુંગળી સુકી | ૯૦ | ૨૮૦ |
| ટમેટા | ૫૦૮ | ૭૯૨ |
| સુરણ | ૬૮૪ | ૭૯૮ |
| કોથમરી | ૨૧૧ | ૩૨૧ |
| મુળા | ૩૨૪ | ૪૪૭ |
| રીંગણા | ૬૭૮ | ૧૨૦૬ |
| કોબીજ | ૧૮૩ | ૨૬૪ |
| ફ્લાવર | ૪૦૬ | ૬૧૯ |
| ભીંડો | ૧૦૧૩ | ૧૪૦૭ |
| ગુવાર | ૧૩૮૪ | ૨૦૧૯ |
| ચોળાસીંગ | ૭૯૨ | ૧૦૧૧ |
| વાલોળ | ૫૮૬ | ૧૧૦૯ |
| ટીંડોરા | ૪૯૮ | ૬૦૭ |
| દુધી | ૨૧૩ | ૪૧૪ |
| કારેલા | ૭૮૬ | ૧૦૧૫ |
| સરગવો | ૧૧૮૬ | ૧૬૦૪ |
| તુરીયા | ૭૧૯ | ૧૩૯૮ |
| પરવર | ૧૦૪૬ | ૧૪૧૭ |
| કાકડી | ૪૯૩ | ૮૧૧ |
| ગાજર | ૩૧૧ | ૪૮૮ |
| વટાણા | ૯૧૭ | ૧૧૦૭ |
| તુવેરસીંગ | ૨૨૪ | ૪૫૩ |
| ગલકા | ૬૦૩ | ૮૧૭ |
| બીટ | ૧૨૭ | ૨૮૬ |
| મેથી | ૩૯૧ | ૬૦૩ |
| વાલ | ૭૯૪ | ૧૨૦૪ |
| ડુંગળી લીલી | ૩૧૧ | ૪૨૧ |
| આદુ | ૯૨૩ | ૧૧૨૬ |
| ચણા લીલા | ૮૨ | ૪૯૫ |
| મરચા લીલા | ૭૬૦ | ૯૯૪ |
| હળદર લીલી | ૨૯૮ | ૪૦૭ |
| લસણ લીલું | ૭૫૩ | ૧૫૮૪ |
| મકાઇ લીલી | ૨૬૪ | ૩૯૮ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૧૧૧ | ૧૫૧૧ |
| ઘઉં લોકવન | ૫૦૮ | ૫૬૬ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૨૨ |
| સિંગદાણા જાડા | ૯૯૧ | ૧૪૨૧ |
| સિંગ ફાડીયા | ૭૯૧ | ૧૩૧૧ |
| એરંડા / એરંડી | ૧૦૭૬ | ૧૩૩૬ |
| જીરૂ | ૨૦૦૦ | ૪૦૬૧ |
| કલંજી | ૧૪૫૧ | ૪૩૭૧ |
| ધાણા | ૯૦૧ | ૧૯૪૧ |
| લસણ સુકું | ૪૦૧ | ૧૦૭૧ |
| ડુંગળી લાલ | ૯૧ | ૪૨૧ |
| અડદ | ૯૦૦ | ૧૪૧૧ |
| મઠ | ૮૫૧ | ૮૫૧ |
| તુવેર | ૯૩૧ | ૧૨૦૧ |
| મેથી | ૪૨૧ | ૧૩૧૧ |
| કાંગ | ૩૫૦ | ૫૯૧ |
| મરચા | ૭૫૧ | ૩૮૦૧ |
| સફેદ ચણા | ૧૦૩૬ | ૧૮૮૧ |
| તલ - તલી | ૧૦૫૧ | ૨૧૩૧ |
| ધાણી | ૯૦૧ | ૧૮૬૧ |
| ડુંગળી સફેદ | ૧૫૧ | ૪૯૬ |
| બાજરો | ૪૦૧ | ૪૧૧ |
| જુવાર | ૮૧૧ | ૮૯૧ |
| મકાઇ | ૪૦૧ | ૪૦૧ |
| મગ | ૮૭૬ | ૧૫૮૧ |
| ચણા | ૯૭૬ | ૧૦૮૬ |
| વાલ | ૫૭૬ | ૧૪૦૦ |
| ચોળા / ચોળી | ૨૭૬ | ૮૨૬ |
| સોયાબીન | ૬૫૦ | ૮૭૧ |
| રજકાનું બી | ૫૬૦૧ | ૫૬૦૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૨૦૦ | ૧૦૦૦ |
| મરચા | ૨૦૦ | ૧૨૦૦ |
| ગુવાર | ૬૦૦ | ૨૪૦૦ |
| કોબી | ૭૦ | ૪૦૦ |
| દુધી | ૮૦ | ૪૦૦ |
| ફ્લાવર | ૩૦ | ૬૦૦ |
| કાકડી | ૧૮૦ | ૮૦૦ |
| રીંગણા | ૪૦૦ | ૧૪૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૧૪૦૦ |
| ગલકા | ૩૦૦ | ૧૦૦૦ |
| ગાજર | ૨૦૦ | ૭૦૦ |
| ટિંડોરા | ૩૦૦ | ૭૦૦ |
| તુવેર | ૩૦૦ | ૯૦૦ |
| વાલ | ૫૦૦ | ૧૨૦૦ |
| વટાણા | ૮૦૦ | ૧૪૦૦ |
| શક્કરીયા | ૩૦૦ | ૬૦૦ |
| બટેટા | ૨૦૦ | ૩૯૦ |
| લીલા ચણા | ૨૦૦ | ૩૦૦ |
| અંબાળા | ૩૦૦ | ૫૦૦ |
| લીલી હળદર | ૩૦૦ | ૬૦૦ |
| ડુંગળી પુરા | ૪ | ૮ |
| તાંજરીયા પુરા | ૫ | ૭ |
| કોથમીર પુરા | ૧ | ૭ |
| મુળા પુરા | ૪ | ૧૦ |
| ફોદીનો પુરા | ૨ | ૩ |
| ચૂણ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| અલાવીપન | ૮ | ૧૨ |
| ઘીસોડા | ૭૦૦ | ૧૬૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૫૦૦ |
| મેથી પુરા | ૩ | ૯ |
| બીટ પુરા | ૬ | ૧૦ |
| ચોરા | ૨૦૦ | ૧૧૦૦ |
| કારેલા | ૨૦૦ | ૧૦૦૦ |
| વાલોર | ૪૦૦ | ૧૦૦૦ |
| કાચા પોપૈયા | ૪૦ | ૨૦૦ |
| આદુ | ૬૦૦ | ૧૩૦૦ |
| ફણશી | ૧૪૦૦ | ૧૯૦૦ |
| મકાઈ ડોડા | ૧૮૦ | ૬૦૦ |
| લસણ પુરા | ૮ | ૧૦ |
| પાલક પુરા | ૧ | ૩ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૮૬૦ | ૧૨૬૬ |
| ગીરનાર શિંગ | ૯૯૫ | ૧૩૩૨ |
| શિંગ મોટી | ૮૫૦ | ૧૪૦૦ |
| શીંગ દાણા | ૧૧૦૦ | ૧૩૫૦ |
| તલ સફેદ | ૧૦૬૦ | ૨૪૯૦ |
| તલ કાળા | ૨૨૩૦ | ૫૧૧૫ |
| તલ કાશ્મીરી | ૨૩૮૯ | ૨૩૮૯ |
| બાજરો | ૩૪૧ | ૪૫૫ |
| જુવાર | ૧૦૫૦ | ૧૦૫૦ |
| ઘઉં ટુકડા | ૪૬૭ | ૫૫૦ |
| ઘઉં લોકવન | ૪૮૧ | ૫૫૧ |
| અડદ | ૧૦૧૦ | ૧૧૨૦ |
| ચણા | ૭૨૦ | ૧૧૦૩ |
| સફેદ ચણા | ૯૮૦ | ૧૦૨૧ |
| છોલે ચણા | ૧૪૩૦ | ૧૬૬૧ |
| કપાસ | ૮૦૦ | ૧૫૬૭ |
| એરંડા | ૧૧૫૬ | ૧૩૧૦ |
| જીરૂ | ૩૬૦૦ | ૩૯૨૫ |
| ધાણા | ૧૨૯૦ | ૧૯૦૦ |
| મેથી | ૭૯૦ | ૧૦૨૫ |
| સોયાબીન | ૬૫૦ | ૮૬૧ |
| રજકાનું બી | ૩૯૦૦ | ૯૭૦૦ |
| મરચા લાંબા | ૭૦૦ | ૩૧૮૦ |
| કાંગ | ૫૧૦ | ૫૧૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૩૨૦ | ૪૨૦ |
| રીંગણા | ૧૮૦૦ | ૨૦૦૦ |
| ફ્લાવર | ૪૫૦ | ૫૧૦ |
| કોબીજ | ૨૦૦ | ૩૦૦ |
| શક્કરીયા | ૬૩૦ | ૮૩૦ |
| ટમેટાં | ૬૦૦ | ૭૦૦ |
| સુરણ | ૫૧૦ | ૮૧૦ |
| ગાજર | ૪૦૦ | ૫૦૦ |
| દુધી | ૩૦૦ | ૪૦૦ |
| કારેલા | ૮૧૦ | ૧૦૧૦ |
| ગલકા | ૬૦૦ | ૮૦૦ |
| મુળા | ૩૧૦ | ૫૧૦ |
| કાકડી | ૩૦૦ | ૫૦૦ |
| ગુવાર | ૮૧૦ | ૧૮૧૦ |
| વાલોળ | ૬૧૦ | ૭૧૦ |
| વટાણા | ૮૦૦ | ૧૦૦૦ |
| ચોળા લીલા | ૫૦૦ | ૭૦૦ |
| તુરીયા | ૮૨૦ | ૧૦૨૦ |
| તુવેર | ૪૦૦ | ૫૦૦ |
| આમળા | ૬૧૦ | ૭૧૦ |
| ભીંડો | ૮૦૦ | ૧૨૦૦ |
| હળદર લીલી | ૪૦૦ | ૭૦૦ |
| આદુ | ૧૨૦૦ | ૧૩૦૦ |
| કોથમીર | ૨૫૦ | ૩૦૦ |
| મેથીભાજી | ૪૦૦ | ૫૦૦ |
| ફોદીનો | ૫૦૦ | ૬૦૦ |
| ટીંડોરા | ૪૦૦ | ૭૦૦ |
| બીટ | ૩૧૦ | ૫૧૦ |
| લીમડો મીઠો | ૨૦૦ | ૩૦૦ |
| મરચાં લીલાં | ૫૦૦ | ૯૦૦ |
| ડુંગળી લીલી | ૩૨૦ | ૪૨૦ |
| ડુંગળી સુકી | ૧૦૦ | ૨૬૦ |
| લસણ લીલું | ૧૨૦૦ | ૧૪૦૦ |
| લસણ સુકુ | ૪૦૦ | ૧૧૦૦ |
| મકાઈ | ૩૨૦ | ૩૧૦ |
| લીંબુ | ૪૧૦ | ૫૧૦ |
| પાલક | ૬૦૦ | ૭૦૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૧૦૦ | ૧૨૯૧ |
| શીંગ મોટી | ૧૦૫૦ | ૧૩૬૧ |
| તલ સફેદ | ૧૮૦૦ | ૨૧૯૦ |
| તલ કાળા | ૪૨૦૦ | ૪૯૦૦ |
| જીરૂ | ૩૫૦૦ | ૩૯૦૧ |
| કપાસ | ૧૧૦૫ | ૧૫૫૪ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૫૬૦ |
| ઘઉં ટુકડા | ૫૨૧ | ૫૮૦ |
| બાજરો | ૩૨૫ | ૫૩૦ |
| જુવાર | ૯૯૧ | ૧૦૨૨ |
| અડદ | ૬૫૦ | ૧૦૦૦ |
| ચણા | ૭૫૦ | ૧૦૪૨ |
| તુવેર | ૭૦૦ | ૧૦૭૧ |
| એરંડી | ૮૦૦ | ૧૨૫૨ |
| રાય/રાયડો | ૧૧૦૦ | - |
| ધાણા | ૧૦૦૦ | ૧૩૦૦ |
| સોયાબીન | ૬૫૦ | ૮૪૫ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૨૩ |
| ઘઉં લોકવન | ૩૫૦ | ૫૨૦ |
| ઘઉં ટુકડા | ૪૮૬ | ૫૫૮ |
| અડદ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| બાજરો | ૪૧૦ | ૪૧૦ |
| ચણા | ૭૦૦ | ૧૦૧૮ |
| ધાણા | ૧૦૦૦ | ૧૬૫૦ |
| તુવેર | ૧૦૧૦ | ૧૦૧૦ |
| ચણા સફેદ | ૯૯૧ | ૯૯૧ |
| મકાઈ | ૪૩૦ | ૪૩૦ |
| સોયાબીન | ૭૦૦ | ૮૨૯ |
| લસણ | ૩૮૦ | ૭૯૫ |
| મગફળી | ૫૦૦ | ૧૦૮૦ |
| તલકાળા | ૪૦૦૦ | ૪૦૦૦ |
| શિંગદાણા | ૧૦૦૦ | ૧૩૩૦ |
| જીરૂ | ૩૪૧૦ | ૩૪૧૦ |
| અડદ | ૧૦૦૦ | ૧૦૫૦ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૨૪૦ | ૧૫૮૦ |
| કપાસ મિડિયમ | ૯૫૦ | ૧૨૪૦ |
| મગફળી | ૧૦૦૫ | ૧૩૩૫ |
| તલ | ૧૬૪૦ | ૨૦૮૦ |
| તલ કાળા | ૩૨૧૦ | ૪૮૫૦ |
| જીરૂ | ૩૧૪૦ | ૩૯૨૦ |
| ઘઉં | ૪૬૯ | ૫૩૧ |
| ચણા | ૯૫૫ | ૧૦૧૫ |
| અડદ | ૯૦૫ | ૧૨૦૫ |
| **મોટા લીલીયા** | | |
| કપાસ | ૧૦૮૭ | ૧૫૩૨ |
| કપાસ સી ગ્રેડ | ૬૫૦ | ૯૬૫ |
| **ધારી** | | |
| કપાસ એ | ૧૨૩૬ | ૧૫૨૦ |
| કપાસ કોડી | ૯૫૦ | ૧૧૮૬ |
| મગફળી | ૮૭૦ | ૧૧૭૮ |
| ઘઉં | ૫૦૭ | ૫૨૮ |
| ચણા | ૯૦૦ | ૧૦૨૦ |
| ચણા સફેદ | ૧૧૦૦ | ૧૩૨૦ |
| અડદ | ૭૫૦ | ૧૧૦૦ |
| ધાણા | ૧૪૦૧ | ૧૬૦૦ |
| શીંગ દાણા | ૧૧૯૫ | ૧૨૫૫ |
| સોયાબીન | ૬૦૦ | ૮૪૬ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૬૦૬ |
| ઘઉં | ૪૦૦ | ૫૨૧ |
| મગ | ૧૨૦૦ | ૧૫૨૬ |
| ચણા | ૭૦૧ | ૧૦૨૧ |
| અડદ | ૮૦૧ | ૧૨૪૧ |
| મગફળી | ૭૦૧ | ૧૨૨૬ |
| શિંગ ફાડા | ૧૦૫૧ | ૧૨૦૬ |
| સફેદ તલ | ૧૨૦૧ | ૧૯૮૬ |
| ધાણા | ૧૦૦૧ | ૧૮૦૧ |
| સોયાબીન | ૭૦૧ | ૮૭૬ |
| **રાજુલા** | | |
| શીંગ | ૧૦૦૦ | ૧૩૫૨ |
| કપાસ | ૮૫૦ | ૧૫૦૧ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૧૮૦૧ |
| બાજરો | ૪૯૮ | ૫૨૧ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૭૫ |
| જુવાર | ૫૮૧ | ૧૦૭૦ |
| મગ | ૧૪૧૫ | ૩૪૦૦ |
| મઠ | ૧૦૭૦ | ૧૦૭૦ |
| અડદ | ૬૧૧ | ૧૧૦૦ |
| તુવેર | ૧૦૫૧ | ૧૦૫૧ |
| ચણા | ૯૦૨ | ૯૦૨ |
| સોયાબીન | ૬૫૨ | ૮૦૭ |
| **મહુવા** | | |
| શીંગ ૩૨ | ૯૦૦ | ૧૨૭૪ |
| શીંગ ૩૯ | ૮૦૧ | ૧૧૮૧ |
| શીંગ ગીરનારી | ૯૫૦ | ૧૨૮૨ |
| શીંગ જી-૨૦ | ૯૨૫ | ૧૩૬૨ |
| જુવાર | ૪૦૧ | ૧૦૦૬ |
| બાજરો | ૭૦૧ | ૨૧૨૦ |
| ઘઉં ટુકડા | ૪૭૧ | ૬૩૦ |
| અડદ | ૨૦૦ | ૧૦૫૦ |
| મગ | ૯૦૦ | ૩૬૦૦ |
| સોયાબીન | ૮૩૫ | ૮૮૦ |
| ચણા | ૭૨૫ | ૧૦૧૯ |
| તલ સફેદ | ૯૦૯ | ૨૦૫૨ |
| કાળા તલ | ૪૪૦૦ | ૪૪૦૦ |
| તુવેર | ૭૦૧ | ૯૦૧ |
| અજમા | ૧૮૦૧ | ૧૮૦૧ |
| ડુંગળી લાલ | ૭૦ | ૩૭૦ |
| ડુંગળી સફેદ | ૧૬૨ | ૨૫૬ |
| ડુંગળી સફેદ એ. | ૨૭૧ | ૧૧૫૧ |
| કપાસ શંકર | ૮૪૫ | ૧૫૧૪ |
| નાળીયેર | ૩૩૩ | ૨૧૦૦ |
| **કોડીનાર** | | |
| કપાસ ડોળાસા | ૧૦૪૦ | ૧૩૬૨ |
| મગફળી ૩૨ | ૧૦૦૧ | ૧૩૨૨ |
| બાજરી હાઈબ્રીડ | ૩૪૦ | ૫૭૧ |
| ઘઉં ટુકડો | ૪૫૦ | ૫૬૧ |
| જુવાર | ૭૦૦ | ૯૨૫ |
| અડદ | ૭૦૦ | ૧૩૫૦ |
| મગ | ૧૩૦૦ | ૧૭૦૦ |
| ચણા | ૯૨૫ | ૧૧૧૮ |
| તલ સફેદ | ૧૬૦૦ | ૨૨૦૦ |
| કાળા તલ | ૩૦૦૦ | ૪૪૫૫ |
| કાંગ | ૪૫૦ | ૫૦૨ |
| **જામનગર** | | |
| જુવાર | ૭૦૦ | ૮૮૦ |
| બાજરો | ૩૦૦ | ૫૨૦ |
| ઘઉં | ૪૭૦ | ૫૪૫ |
| મગ | ૬૦૦ | ૧૨૩૫ |
| ચોળી | ૯૫૦ | ૧૧૮૦ |
| વાલ | ૯૦૦ | ૧૧૩૦ |
| મેથી | ૭૯૦ | ૮૦૦ |
| ચણા | ૯૫૦ | ૧૦૬૦ |
| મગફળી જીણી | ૧૦૫૦ | ૧૩૫૦ |
| મગફળી ૬૬નં. | ૧૧૦૦ | ૧૪૧૦ |
| મગફળી ૯ નં. | ૧૧૦૦ | ૧૬૨૫ |
| એરંડા | ૧૧૦૦ | ૧૩૦૫ |
| રાયડો | ૯૫૦ | ૧૨૭૩ |
| તલ | ૭૦૦ | ૨૧૫૦ |
| લસણ | ૮૭૫ | ૧૭૫૫ |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૫૫ |
| જીરૂ | ૩૨૦૦ | ૩૯૧૫ |
| અજમો | ૧૫૦૦ | ૨૭૫૦ |
| અજમાની ભુકી | ૫૦ | ૧૯૦૦ |
| ધાણા | ૧૨૨૫ | ૧૭૭૫ |
| ડુંગળી સુકી | ૫૦ | ૪૪૦ |
| સોયાબીન | ૭૦૦ | ૮૮૦ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૧૫૧ | ૧૫૩૦ |
| મગફળી | ૮૧૧ | ૧૨૧૭ |
| જુવાર | ૯૧૨ | ૯૭૬ |
| ઘઉં | ૪૯૦ | ૫૨૧ |
| સોયાબીન | ૭૯૯ | ૭૯૯ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# દીવ નજીક આવેલા 'મેજીકો-ડુ-માર બીચ રિસોર્ટ'નું ડિમોલેશન કરાયું

ઉના,તા.૧૨

દીવ નજીક આવેલ ઉનાના અહેમદપુર માંડવી ચેકપોસ્ટ નજીક આવેલા 'મેજીકો-ડુ-માર બીચ રિસોર્ટ'નું ડિમોલેશન શરૂ કરવામાં આવ્યું છે. જિલ્લા કલેક્ટરે જોઈન્ટ મેનેજિંગ ડિરેક્ટરના પત્રના આધારે આ જર્જરિત બાંધકામ ઉતારી લેવાનો આદેશ કર્યો હતો. પ્રાંત અધિકારી, મામલતદાર અને પોલીસ કાફલાની હાજરીમાં આ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. નલિયા માંડવી



ગામના સર્વે નંબર ૩૧૧/૧/૧/પૈકી ૨૮ વાળી જમીનમાં આવેલું આ રિસોર્ટ કમ્પોઝિટ હોટેલ્સ લિમિટેડ દ્વારા સંચાલિત હતું. તેનું બાંધકામ અત્યંત જર્જરિત હાલતમાં હોવાથી ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની જોગવાઈઓ હેઠળ ડિમોલેશનનો નિર્ણય લેવાયો હતો. તાજેતરમાં વેરાવળ શહેરમાં જૂનું મકાન ધરાશાયી થવાથી ત્રણ વ્યક્તિઓના મૃત્યુ થયાની ગંભીર ઘટનાને ધ્યાનમાં રાખીને આ પગલું ભરવામાં આવ્યું છે. આ બિલ્ડિંગ ગુજરાત ટુરિઝમનું મોટું ગેસ્ટ હાઉસ હતું અને હાલ તેને લીઝ પર આપવામાં આવ્યું હતું. ગુજરાત ટુરિઝમ દ્વારા પણ આ જર્જરિત બાંધકામ તાત્કાલિક ઉતારી લેવા જણાવવામાં આવ્યું હતું. અગાઉ કલેક્ટર દ્વારા નોટિસ પાઠવવામાં આવી હતી અને લીઝ ધારકે તેના જવાબો પણ આપ્યા હતા, પરંતુ તે ગ્રાહ્ય રાખવામાં આવ્યા ન હતા.

# દિલ્હી બાદ હવે અમદાવાદમાં હવા પ્રદૂષિત બની, અનેક વિસ્તારમાં એક્યુઆઈ ૨૦૦ને પાર

અમદાવાદ,તા.૧૨

દિલ્હીની જેમ હવે ગુજરાતના અમદાવાદમાં પણ વાયુ પ્રદૂષણ ચિંતાજનક સ્તરે પહોંચી ગયું છે. શહેરના મોટાભાગના વિસ્તારોમાં એર ક્વોલિટી ઈન્ડેક્સ ૨૦૦ને પાર થઈ ગયો છે. ખાસ કરીને અમદાવાદના થલતેજ, બોડકદેવ, સાઉથ બોપલ અને સેલા વિસ્તારોમાં વાયુના પ્રદૂષણનું સ્તર ૨૦૦ના આંકડાને વટાવી ગયું છે. જેના કારણે આ વિસ્તારમાં સવાર અને



સાંજે ધુમ્મસ છવાયેલું રહે છે અને અસ્થમાના દર્દીઓને શ્વાસ લેવામાં તકલીફ પડી રહી છે. ફરી એકવાર વધતા વાયુ પ્રદૂષણને કારણે બાળકો, વૃદ્ધો અને અસ્થમાના દર્દીઓએ સાવધાની રહેવાની જરૂરત પડી છે. નોંધનીય છે કે, મીડિયાએ ઝેરી હવાના મુદ્દા પર સમાચાર પ્રસારિત કર્યા હતા, ત્યારે મુખ્યમંત્રીએ પોતે શહેરી વિકાસ વિભાગને વાયુ પ્રદૂષણને રોકવા માટે અસરકારક પગલાં લેવાનો આદેશ આપ્યો હતો. મુખ્યમંત્રીના આદેશ બાદ શહેરી વિકાસ વિભાગની ટીમે ત્રણ દિવસમાં રાજ્યના ૧૭ મહાનગરપાલિકા વિસ્તારોમાં ૨,૫૦૦થી વધુ બાંધકામ સાઈટ પર આકસ્મિક નિરીક્ષણ કર્યું હતું. આ સમયગાળા દરમિયાન પ્રદૂષણ નિયંત્રણ નિયમોનું પાલન ન કરવા બદલ ૫૪૧ બાંધકામ સાઈટ પર કુલ ૧.૨૩ કરોડ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો હતો.

# નર્મદા જિલ્લાના ભાજપ સાંસદ અને ધારાસભ્ય આમને-સામને

નર્મદા,તા.૧૨

નર્મદામાં ભાજપના સાંસદ મનસુખ વસાવા તેમના બેફામ વાણી વિલાસ માટે સતત ચર્ચામાં રહેતા હોય છે. વિપક્ષ ઉપરાંત પોતાના પક્ષ માટે પણ તેઓ બિન્દાસ બોલે છે. ત્યારે ભાજપના જ મહિલા ધારાસભ્યએ ભાજપના સાંસદ મનસુખ વસાવા સામે આક્ષેપ કર્યા છે. નર્મદા જિલ્લામાં ભાજપના બે દિગ્ગજ નેતાઓ સાંસદ મનસુખ વસાવા અને નાંદોદના ધારાસભ્ય ડો.દર્શનાબેન દેશમુખ આમને સામને આવ્યા છે. સાંસદે ૭ ડિસેમ્બરે એક નનામા પત્ર બાબતે પ્રેસ કોન્ફરન્સ કરી હતી. જેમાં નાંદોદના ધારાસભ્ય ડો.દર્શનાબેન દેશમુખ પર આડકતરી રીતે ભ્રષ્ટાચારના આક્ષેપ કર્યા હતા. આ બાબતે દર્શનાબેન દેશમુખે તેમને વળતો જવાબ આપ્યો છે. ધારાસભ્ય દર્શના દેશમુખે કહ્યું કે, મનસુખ વસાવા ભ્રષ્ટાચારની વાત કરે છે તે સાબિત કરે નહિ તો હું તેમની સામે માનહાનિનો દાવો કરીશ. મનસુખ વસાવા સામે કોર્ટમાં જવાનું થશે તો હું કોર્ટમાં પણ જઈશ.

# સુરત સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજમાં 'વિચારોનું વાવેતર' કાર્યક્રમ યોજાયો

સુરત, તા.૧૨

સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ, સુરત દ્વારા તારીખ ૧૧-૧૨-૨૦૨૫ ને ગુરુવારે જમનાબા ભવન ખાતે ૧૩૭મો 'વિચારોનું વાવેતર' કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં સમાજ શ્રેષ્ઠીઓ દ્વારા લાખો રૂપિયાના દાનની જાહેરાત કરવામાં આવી હતી. કાર્યક્રમમાં કાનજીભાઈ ભાલાળાએ વિચાર શક્તિ વિશે વાત કરતા જણાવ્યું હતું કે, ×જીવનની શ્રેષ્ઠ શક્તિ વિચારમાં છે જે જીવનને ગતિશીલ કરે છે. પ્રત્યેક વિચાર એક બીજનું કામ કરે છે અને બ્રહ્માંડની ચેતના આપણા વિચારો પર પ્રતિક્રિયા આપે છે.× મુખ્ય વક્તા અને ડ્રીમ ચાઈલ્ડ ગર્ભ સંસ્કાર તથા પેરેટીંગવેદાના કો-ફાઉન્ડર જીતેન્દ્ર ટીંબડીયાએ જણાવ્યું હતું કે, ×વિકાસશીલ ભારતમાં જન્મ લીધો છે, હવે વિકસિત ભારતમાં મરવું છે.× ૫૦ દેશોના ૧૦ લાખ પેરેન્ટ્સને તાલીમ આપી ચૂકેલા જીતુભાઈએ મર્યાદિત માન્યતાઓના કોશેટામાંથી બહાર આવીને હટકે વિચારવા પર ભાર મૂક્યો હતો. બાંધકામ ક્ષેત્રની અગ્રણી કંપની સિલ્વર ગ્રુપના કાંતિભાઈ શામજીભાઈ રામાણી પરિવાર દ્વારા જમનાબા વિદ્યાર્થી ભવન માટે રૂ. ૨૧ લાખના દાનનો સંકલ્પ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત, મૂળ પાંચતલાવડા અને હાલ સુરત સ્થિત નાનાલાલ ગોવિંદભાઈ ભાલાળા પરિવારે તેમના માતા-પિતાની સ્મૃતિમાં જમનાબા વિદ્યાર્થી ભવન અને કિરણ મહિલા ભવનમાં બે ઓરડા માટે રૂ. ૧૫ લાખનું દાન જાહેર કર્યું હતું. અન્ય પ્રવૃત્તિઓમાં, પરમ ક્રિએશનના સોનલબેન પરેશભાઈ આસોદરિયા તરફથી CA કરતા વિદ્યાર્થી માટે રૂ. ૪૦,૦૦૦ની સ્કોલરશીપ આપવામાં આવી હતી.

# ભચાઉના કડોલ રણમાં ભૂમાફિયાઓએ હુમલાનો પ્રયાસ કરતા વન અધિકારીઓએ ફાયરિંગ કર્યું

ભુજ,તા.૧૨

ભચાઉ તાલુકાના કડોલ રણમાં ફરી એકવાર વન વિભાગની જમીન પર અતિક્રમણ થયું હોવાની ઘટના સામે આવી છે. અગાઉ, વન વિભાગે હજારો હેક્ટર જમીન પર અતિક્રમણ દૂર કરીને જમીન કબજે કરી હતી, પરંતુ પૂર્વ કચ્છના રણ વિસ્તારમાં ભૂ-માફિયાઓએ ફરી એકવાર જમીન પર કબજો કરી ગેરકાયદેસર મીઠાનું ઉત્પાદન શરૂ કર્યું છે. અહેવાલો અનુસાર, કડોલ રણમાં પેટ્રોલિંગ દરમિયાન, જ્યારે મીઠા માફિયાઓએ વન વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ પર હુમલો કરવાનો પ્રયાસ કર્યો, ત્યારે અધિકારીઓએ સ્વ-બચાવમાં બે રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. મહિનાઓ પહેલા, વન વિભાગે કડોલ રણ અભયારણ્યમાં વિવિધ વાહનો જપ્ત કર્યા હતા અને અતિક્રમણ કરાયેલા મીઠાના ટેકરા તોડી પાડ્યા હતા. કડોલ નજીક રણ વન્યજીવન અભયારણ્યમાં સંયુક્ત પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું, અને વન્યજીવન સંરક્ષણ અધિનિયમ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી.

# ધોરાજીમાં ટેકાના ભાવે સોયાબીન ખરીદીમાં વિવાદ: મજૂરો અને ગ્રેડરો પૈસા પડાવતા હોવાના આક્ષેપ

ધોરાજી,તા.૧૨

ધોરાજીના જમનાવડ ગામે સોયાબીન વેચવા આવેલા ખેડૂતોએ આક્ષેપ કર્યો હતો કે ખરીદી કેન્દ્ર પર મજૂરો અને ગ્રેડરો દ્વારા તેમની પાસે પૈસા પડાવવામાં આવી રહ્યા છે. જમનાવડ સેન્ટર પર ખેડૂતોના લુઝ (છૂટા) સોયાબીન લેવા બાબતે શરૂ થયેલો વિવાદ ઉગ્ર બન્યો હતો. સ્થાનિક ખેડૂત વિનોદભાઈ વાઘમશીએ પોતાની વેદના ઠાલવતા



તસવીર : નયન કુહાડીયા

જણાવ્યું હતું કે, સરકારે જાહેરાત કરી હતી કે લુઝ સોયાબીન પણ લેવામાં આવશે, પરંતુ અહીં મજૂરો અને કર્મચારીઓ અમારી પાસે રૂ.૨૦૦ની માંગણી કરે છે. પૈસા ન આપીએ તો સોયાબીનમાં ધૂળ નાખીને અથવા ૧૦ ટકા માલ ડેમેજ બતાવીને રિજેક્ટ કરવાની ધમકી આપે છે. અન્ય એક ખેડૂત કલ્પેશભાઈ પરડવાએ આક્ષેપ કરતા કહ્યું હતું કે, મજૂરોએ રૂ.૫૦૦ની માંગણી કરી અને જ્યારે અમે ના પાડી તો ઉદ્ધતાઈભર્યું વર્તન કર્યું. ખેડૂતોએ વધુમાં એવો પણ ગંભીર આક્ષેપ કર્યો હતો કે પૈસા આપવાની ના પાડતા મજૂરોએ પથ્થરોના ઘા કર્યા હતા. મામલો અત્યંત બિચકતા ધોરાજી તાલુકા પોલીસ કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો.

# ઉનાના માણેકપુરમાં દીપડીના બે બચ્ચા મળતા દહેશત, દીપડીએ મહિલાનો પીછો કરતા ફફડાટ

ઉના, તા.૧૨

ઉના તાલુકાના માણેકપુર ગામની સીમમાં આવેલી જીલુભાઈ બાબુભાઈ રાઠોડની વાડીમાં દીપડીના દસ દિવસના બે બચ્ચા મળી આવ્યા બાદ ગ્રામજનોમાં ભયનો માહોલ છવાઈ ગયો છે. વાડીમાં એરંડા અને અડદનું વાવેતર છે તેમજ ઘાસચારો રાખવા માટે એક રૂમ બનાવાયો છે. આજે સવારે જીલુભાઈની પત્ની રાજીબેન કામસર વાડીએ પહોંચ્યા ત્યારે રૂમમાં દીપડીના બચ્ચા નજરે પડતાં તેમણે તરત દરવાજો બંધ કરી બહાર નીકળી ગયા હતા.



બચ્ચા જોવા મળ્યા પછી રાજીબેન વાડી તરફ પાછા જવા લાગ્યા ત્યારે દીપડીએ તેમની પાછળ દોટ મૂકી હતી. આ દૃશ્ય જોઈને ત્યાં હાજર લોકોએ બૂમાબૂમ કરતાં દીપડી નાસી ગઈ, પરંતુ ઘટનાથી ગામમાં ભારે ફફડાટ ફેલાયો છે. બનાવની જાણ થતાં જ જસાધાર વનવિભાગના આર.એફ.ઓ. એલ. બી. ભરવાડે ફોરેસ્ટર હિતેશ બારોટ અને ગાર્ડ્સ ભરતભાઈ સોલંકી તથા ભરતભાઈ ગોહિલને રેસ્ક્યુ માટે સ્થળ પર મોકલ્યા હતા. ટીમે દીપડીને પકડવા માટે વાડીમાં પાંજરું ગોઠવ્યું છે. વનવિભાગના જણાવ્યા મુજબ દીપડી પાંજરામાં પુરાયા બાદ જ તેના બચ્ચાને તેની પાસે મુકવામાં આવશે. ત્યાં સુધી રૂમની નજીક જવું જોખમી ગણવામાં આવી રહ્યું છે.

# કોડીનારની સોમનાથ એકેડેમીના જુડો ખેલાડીઓએ રાજ્યકક્ષાની સ્પર્ધામાં સાત મેડલ મેળવ્યા

કોડીનાર,તા.૧૨

અમદાવાદમાં ૨૭/૧૦/૨૦૨૫થી ૦૩/૧૧/૨૦૨૫ દરમિયાન રાજ્યકક્ષાની ૬૯મી SGFI U-14 / U -17 / U-19 ભાઈઓ-બહેનોની જુડો સ્પર્ધા યોજાઈ હતી. જેમાં કોડીનારની DLSS સોમનાથ એકેડેમીના જુડો ખેલાડી એવા ભાઈઓ-બહેનોએ પણ ભાગ લઈને કુલ મેડલ ૭ પ્રાપ્ત કરેલ છે. જેમાં અંડર-૧૪ બહેનોમાં ૧. સોલંકી હર્ષિતા-44 kg બ્રોન્ઝ, અંડર -૧૭ બહેનોમાં ૧. સર્વદી ફલક 70 kg બ્રોન્ઝ, અંડર-૧૭ ભાઈઓમાં ૧.



પીપરોતર મિલન 45 kg ગોલ્ડ, ૨. બાંભણીયા વિવેક 50 kg બ્રોન્ઝ, ૩. બાંભણીયા હર્ષિત 60 kg બ્રોન્ઝ, અંડર-૧૪ ભાઈઓમાં ૧ મકવાણા કેવલ 35 kg બ્રોન્ઝ, અંડર-૧૯ ભાઈઓમાં ૧. રાઠોડ રુદ્ર 40 kg ગોલ્ડ, ૨. દરજદા મેરાજ 60 kg સિલ્વરનો સમાવેશ થાય છે.

# ઉનાના દાંડી ગ્રામ પંચાયત દ્વારા દારૂના દૂષણ સામે જનતા રેઈડની ચીમકી

ઉના,તા.૧૨

ઉનાના દાંડી ગામમાં ગેરકાયદેસર દારૂના બેફામ વેચાણને રોકવામાં પોલીસની નિષ્ફળતા બાદ, ગ્રામપંચાયતે આ દૂષણને ડામવા માટે કડક પગલાં લીધા છે. પંચાયતે ગામમાં દારૂના વેચાણ અને સેવન પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવાનો નિર્ણય કર્યો છે. મહિલા સરપંચના પ્રતિનિધિ કાળુ મજેઠીયાએ જણાવ્યું હતું કે, દારૂના દૂષણને કારણે અનેક યુવાનોએ જીવ ગુમાવ્યા છે અને



ગંભીર બીમારીમાં પણ સપડાયા છે અને કેટલીક મહિલાઓ વિધવા બની છે. આ ગંભીર પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ગ્રામપંચાયત દ્વારા તાત્કાલિક બેઠક બોલાવાઈ હતી.

# કોડીનારમાં યુરિયા ખાતરની અછતથી ખેડૂતો પરેશાન, લાંબી કતારોમાં ઊભા રહેવાની ફરજ

કોડીનાર,તા.૧૨

કોડીનાર તાલુકામાં રવી પાકની સિઝન દરમિયાન યુરિયા અને DAP ખાતરની અછત સર્જાતા ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે. ખાતર મેળવવા માટે ખેડૂતો વહેલી સવારથી જ વિતરણ કેન્દ્રો બહાર કલાકો સુધી લાંબી કતારોમાં ઊભા રહેવા મજબૂર બન્યા છે. ઘણા ખેડૂતો રાત્રે ૪ વાગ્યાથી લાઈનમાં ઉભા રહે છે છતાં તેમને જરૂરી માત્રામાં ખાતર મળતું નથી. ૧૦ થી ૨૦ થેલીની જરૂરિયાત સામે ફક્ત ૨ થી ૫ થેલી



જ આપવામાં આવે છે. DAP ખાતર ઉપલબ્ધ જ નથી. ખાતર વિતરણની ધીમી પ્રક્રિયા ખેડૂતોની મુશ્કેલીમાં વધારો કરી રહી છે. એક જ કર્મચારી દ્વારા બિલ બનાવવામાં આવતા લાંબી રાહ જોવી પડે છે.

# કોડીનારની રાજદીપ સ્કૂલના વિદ્યાર્થીઓએ સિમેન્ટ પ્લાન્ટ અને જેટીની મુલાકાત લીધી

**ઔદ્યોગિક પ્રક્રિયાઓનું પ્રત્યક્ષ જ્ઞાન મેળવ્યું**

કોડીનાર,તા.૧૨

કોડીનારની રાજદીપ સ્કૂલ દ્વારા વિદ્યાર્થીઓને વ્યવહારુ શિક્ષણ પૂરું પાડવાના ભાગરૂપે અંબુજા સિમેન્ટના વડનગર પ્લાન્ટ અને મૂળ દ્વારકા સ્થિત જેટીની શૈક્ષણિક મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું.

વિદ્યાર્થીઓએ સિમેન્ટ ઉત્પાદનના તબક્કા, જેમ કે



તસવીર : કુલદીપ પાઠક

ખનન, પ્રોસેસિંગ અને ગુણવત્તા નિયંત્રણ પ્રણાલીઓનું પ્રત્યક્ષ નિરીક્ષણ કર્યું હતું. આ સાથે મૂળદ્વારકા જેટી ખાતે તૈયાર થયેલી સિમેન્ટના દરિયાઈ લોજિસ્ટિક્સ અને સપ્લાય ચેઈનમાં બંદરોના મહત્વ વિશે સમજણ મેળવી હતી.

આ મુલાકાત દ્વારા સૈદ્ધાંતિક જ્ઞાન અને ઔદ્યોગિક કામગીરીના વાસ્તવિક અનુભવ વચ્ચેના ભેદને સમજાવવામાં આવ્યો હતો. પ્રિન્સિપાલ ભરતભાઈ મોરી અને મેનેજિંગ ડાયરેક્ટર મહાવીરભાઈ બારડે વિદ્યાર્થીઓના ઉત્સાહને બિરદાવી, પ્રાયોગિક શિક્ષણ પ્રત્યેની શાળાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. ડાયરેક્ટર અશ્વિનભાઈ બારડના માર્ગદર્શન બદલ આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# ધોરાજીમાં તસ્કર ટોળકીએ ટ્રેક્ટરના શો રૂમમાં ૧૫ હજાર રોકડની ચોરી કરી

ધોરાજી,તા.૧૨

ધોરાજીનાં ઉપલેટા રોડ પર તસ્કર ટોળકીએ ચાર ટ્રેક્ટર શો રૂમ તથા ઓઈલ મિલના શટર તોડ્યા હતા અને ૧૫ હજાર રોકડની ચોરી કરી હતી. આ ઘટના સીસીટીવીમાં કેદ થતાં પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. ધોરાજી પોલીસ મથક ખાતે વિશાલભાઈ હરસુખભાઈએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, તેમની ટ્રેક્ટરની ડીલરશીપ છે. તેઓ જુના ઉપલેટા રોડ પર પેટ્રોલ પંપની સામે વૃંદાવન ટ્રેક્ટર નામથી ટ્રેક્ટરનો શો રૂમ ચલાવે છે. શો રૂમમાં અન્ય કર્મચારી પણ નોકરી કરે છે. સાંજના સમયે શો રૂમ બંધ કરી તેઓ અને તમામ કર્મચારીઓ ઘરે જતા રહેલ હતા. ત્યારબાદ સવારે ઘરે હતો ત્યારે શો રૂમની બાજુમાં આવેલ અન્ય ટ્રેક્ટરના શો રૂમવાળા અતુલભાઈનો ફોન આવેલ કે, તમારા અને આજુબાજુ ટ્રેક્ટરના શો રૂમના શટર તૂટેલ છે અને ચોરી થયાનું લાગે છે. જેથી તેઓ ધોરાજી ખાતે શો રૂમે દોડી ગયેલ હતા. જ્યાં તેઓના શો રૂમ પર અતુલભાઈ, બીપીનભાઈ, ભાવેશભાઈ આવી ગયેલ હતા. જ્યાં અન્ય ટ્રેક્ટર શો રૂમનાં તથા હરસિધ્ધી ઓઈલ મિલના શટર તૂટેલ હતા અને ચોરી થયાનું જણાતું હતું. બાદ ફરિયાદીએ શો રૂમમાં ચેક કરતા શો રૂમનું મેઈન શટર કોઈ રીતે નીચેથી ઉંચુ કરેલ હતું. જે જોતા મુખ્ય ઓફિસના ટેબલના ડ્રોવરનો નકુચો તુટેલ હતો અને તેમાં રાખેલ કુલ રોકડ રૂ. ૧૫ હજાર મળી આવેલ નહી. જેથી શો રૂમમાં રાખેલ સીસીટીવી ફૂટેજ જોતા મોડી રાત્રીના ૦૨/૩૯ વાગ્યે બાજુના પ્લોટમાંથી ઠેકીને ત્રણ શખ્સો શો રૂમમાં પ્રવેશ કરતા દેખાયા હતા. ત્રણેયે શો રૂમનું મુખ્ય શટર ઉંચુ કરીને બે વ્યક્તિ અંદર આવી અને એક વ્યક્તિ બહાર રહી હતી. તેઓ રૂપિયા કાઢી નાસી ગયેલ હતા. પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# દેશભરમાં સુપ્રીમ કોર્ટથી લઈને નીચલી અદાલતો સુધી કુલ ૫૪.૯ મિલિયનથી વધુ કેસ પેન્ડિંગ

નવીદિલ્હી, તા.૧૨

ભારતની અદાલતોમાં પેન્ડિંગ કેસોની સંખ્યા એક ગંભીર ચિંતાનો વિષય છે. સરકારે ગુરુવારે રાજ્યસભાને જાણ કરી કે દેશભરમાં સુપ્રીમ કોર્ટથી લઈને નીચલી અદાલતો સુધી કુલ ૫૪.૯ મિલિયનથી વધુ કેસ પેન્ડિંગ છે. કાયદા પ્રધાન અર્જુન રામ મેઘવાલે ગૃહને લેખિત જવાબમાં માહિતી આપી હતી કે કોર્ટ સ્તરે ૫૪.૯ મિલિયનથી વધુ કેસ પેન્ડિંગ છે. સુપ્રીમ કોર્ટમાં ૯૦,૮૯૭ કેસ પેન્ડિંગ છે, દેશની ૨૫ હાઈકોર્ટમાં ૬,૩૬૩,૪૦૬ કેસ પેન્ડિંગ છે. ૮ ડિસેમ્બર સુધીમાં, નીચલી અદાલતોમાં ૪૮,૪૫૭,૩૪૩ કેસ પેન્ડિંગ હતા.

મેઘવાલે જણાવ્યું હતું કે કોર્ટમાં કેસો પેન્ડિંગ હોવાના ઘણા કારણો છે, જેમાં તથ્યોની જટિલતા, પુરાવાની પ્રકૃતિ, હિસ્સેદારો (બાર, તપાસ એજન્સીઓ,



સાક્ષીઓ અને અરજદારો) નો સહયોગ, ભૌતિક માળખાગત સુવિધાઓની ઉપલબ્ધતા અને સહાયક કોર્ટ સ્ટાફનો અભાવ સામેલ છે.

ભારતીય અદાલતોમાં, નીચલી અદાલતોથી લઈને સુપ્રીમ કોર્ટ સુધી, મંજૂર ન્યાયાધીશ પદોમાં ખાલી જગ્યાઓ છે. આ ખાલી જગ્યાઓ પ્રતિ ન્યાયાધીશ કાર્યભારમાં નોંધપાત્ર વધારો કરે છે, જેનાથી કેસના નિકાલની ગતિ ધીમી પડે છે.

ભારતમાં પ્રતિ મિલિયન વસ્તીએ ન્યાયાધીશોની સંખ્યા વિકસિત દેશોની તુલનામાં નોંધપાત્ર રીતે ઓછી છે.

# ભારત પર ભારે ટેરિફ લાદનાર અમેરિકા આખરે પીએમ મોદીની કૂટનીતિ સામે ઝૂક્યું

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૧૨

ભારત પર ભારે ટેરિફ લાદનાર અમેરિકા આખરે પીએમ મોદીની કૂટનીતિ સામે ઝૂકતું દેખાય છે. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ હવે ઊંચા ટેરિફને કારણે ભારત સાથેના તણાવપૂર્ણ સંબંધોને સંતુલિત કરવા માટે પાંચ મહાસત્તાઓનો એક નવો સી-૫ સુપરક્લબ બનાવવા માંગે છે. અમેરિકન પ્રકાશન પોલિટિકોના અહેવાલ મુજબ, ટ્રમ્પ આ સુપરક્લબમાં ભારતને એક મુખ્ય શક્તિ તરીકે સામેલ કરવા માંગે છે. આ સુપરક્લબમાં ભારત અને યુનાઈટેડ સ્ટેટ્સ ઉપરાંત, રશિયા, ચીન અને



જાપાનનો પણ સમાવેશ થાય છે. ટ્રમ્પની યોજના સ્પષ્ટપણે દર્શાવે છે કે તેઓ ભારતને આકર્ષિત કરતી વખતે ચીન અને રશિયા સાથેના પોતાના સંબંધો સુધારવા માંગે છે. આનાથી અમેરિકાને પૂર્વ એશિયામાં તેની ખોવાયેલી છબી પાછી મેળવવામાં અને ભારત, રશિયા અને ચીન જેવા દેશો સાથે દુશ્મનાવટનું સ્તર ઘટાડવામાં મદદ મળશે. પોલિટિકોના અહેવાલ મુજબ, ડોનાલ્ડ ટ્રમ્પ એક નવું ચુનંદા "સી ૫" અથવા "કોર ફાઈવ" વૈશ્વિક શક્તિ જૂથ બનાવવાનું વિચારી રહ્યા છે, જેમાં યુએસ, રશિયા, ચીન, ભારત અને જાપાનનો સમાવેશ થશે. તે હાલના યુરોપ-પ્રભુત્વ ધરાવતા G૭ અને શ્રીમંત દેશોના અન્ય લોકશાહી આધારિત જૂથોને બાયપાસ કરશે.

# ભૂતપૂર્વ કેન્દ્રીય ગૃહમંત્રી શિવરાજ પાટિલે લાતુરમાં તેમના નિવાસ સ્થાને અંતિમ શ્વાસ લીધા

નવીદિલ્હી,તા.૧૨

કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને ભૂતપૂર્વ કેન્દ્રીય ગૃહમંત્રી શિવરાજ પાટિલનું મહારાષ્ટ્રના લાતુરમાં ૯૦ વર્ષની વયે અવસાન થયું. પાટિલે લાતુરમાં તેમના નિવાસસ્થાન 'દેવઘર' ખાતે અંતિમ શ્વાસ લીધા. પાટિલ લાંબા સમયથી બીમાર હતા અને ઘરે સારવાર લઈ રહ્યા હતા. તેમના મૃત્યુના સમાચાર મળતાં જ કોંગ્રેસ પાર્ટી અને તેના કાર્યકરોમાં શોકનું મોજું ફરી વળ્યું. એવું કહેવામાં આવી રહ્યું છે કે તેમના અંતિમ સંસ્કાર શનિવારે કરવામાં આવશે.

તેમની રાજકીય કારકિર્દીમાં, શિવરાજ પાટીલે દેશ માટે ઘણા પ્રતિષ્ઠિત પદો સંભાળ્યા હતા. મહારાષ્ટ્રના વતની, નેતાએ મરાઠવાડાના લાતુરથી સંસદ સભ્ય તરીકે સેવા આપી હતી. તેમણે ૧૯૭૩ થી ૧૯૮૦ સુધી લાતુર ગ્રામીણ મતવિસ્તારથી ધારાસભ્ય તરીકે સેવા આપી હતી. ૧૯૮૦ પછી, તેઓ લાતુર સંસદીય મતવિસ્તારમાંથી ચૂંટણી જીતીને ઘણી વખત લોકસભામાં પહોંચ્યા હતા.

# આજથી ૧૭ ડિસેમ્બર સુધી જમ્મુ અને કાશ્મીર, લદ્દાખ, ગિલગિટ-બાલ્ટિસ્તાનમાં હળવો વરસાદ કે હિમવર્ષા થશે

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૧૨

૧૨ ડિસેમ્બરની સવારે, ઉત્તર પ્રદેશમાં ખૂબ જ ગાઢ ધુમ્મસ રહ્યું છે, જ્યારે આસામ, મેઘાલય, હરિયાણા, ચંદીગઢ, દિલ્હી, હિમાચલ પ્રદેશ, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરા અને ઓડિશામાં પણ ગાઢ ધુમ્મસ રહ્યું હતું. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ૧૩ ડિસેમ્બરથી પશ્ચિમી વિક્ષેપ પશ્ચિમી હિમાલય પ્રદેશને અસર કરશે, જેના કારણે ૧૩ થી ૧૭ ડિસેમ્બર સુધી જમ્મુ અને કાશ્મીર, લદ્દાખ, ગિલગિટ-બાલ્ટિસ્તાન અને મુઝફ્ફરાબાદમાં હળવો વરસાદ અથવા હિમવર્ષા થશે. ૧૪ ડિસેમ્બરે હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં હળવો વરસાદ અથવા હિમવર્ષા થવાની ધારણા છે. ૧૧ થી ૧૪ ડિસેમ્બર સુધી આંદામાન અને નિકોબાર ટાપુઓમાં હળવો થી મધ્યમ



વરસાદ અને ગાજવીજ સાથે વરસાદ થવાની ધારણા છે. ૧૮ થી ૨૪ ડિસેમ્બર દરમિયાન, પશ્ચિમી વિક્ષેપ ઉત્તરપશ્ચિમ પ્રદેશને અસર કરશે, જેના કારણે પશ્ચિમી હિમાલય પ્રદેશમાં હળવો થી મધ્યમ વરસાદ અને હિમવર્ષા થશે. ઉત્તરપશ્ચિમ મેદાનોમાં અલગ અલગ સ્થળોએ પણ વરસાદની અપેક્ષા છે. જ્યારે સમગ્ર ભારતમાં વરસાદ સામાન્ય કરતાં ઓછો રહેશે, ત્યારે પશ્ચિમી હિમાલય પ્રદેશ અને આસપાસના મેદાનોમાં સામાન્ય અથવા સામાન્ય કરતાં વધુ વરસાદ પડવાની ધારણા છે.

# બેંગકોકથી આવતા એક મુસાફરની બે વાંદરાઓની તસ્કરી કરવા બદલ ધરપકડ

(એચ.એસ.એલ),બેંગ્લુરૂ,તા.૧૨

બેંગલુરુના કેમ્પેગૌડા આંતરરાષ્ટ્રીય વિમાનમથક પર એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. બેંગકોકથી આવતા એક મુસાફરને બે લુપ્તપ્રાય લાલ-શંક વાંદરાઓની તસ્કરી કરવા બદલ ધરપકડ કરવામાં આવી છે. મુસાફર પાસેથી બે વાંદરાઓ પણ જપ્ત કરવામાં આવ્યા હતા. કસ્ટમ અધિકારીઓએ આ કાર્યવાહી કરી. આ કેસ વિશે વધુ વિગતો આપતા, અધિકારીઓએ જણાવ્યું હતું કે 'લાલ-શંખવાળા' વાંદરાઓ મુખ્યત્વે દક્ષિણપૂર્વ એશિયામાં જોવા મળે છે. તેમના પગનો ઉપરનો ભાગ લાલ છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે આ સંબંધમાં ધરપકડ ૧૦ ડિસેમ્બરે કરવામાં આવી હતી, પરંતુ તેમણે ધરપકડ કરાયેલ વ્યક્તિની ઓળખ જાહેર કરી ન હતી.

બેંગલુરુ કસ્ટમ્સ વિભાગે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર એક પોસ્ટમાં જાહેરાત કરી હતી કે બેંગકોકથી આવતા એક મુસાફરને પકડવામાં આવ્યો છે અને તેની પાસેથી બે લુપ્તપ્રાય વાંદરાઓ મળી આવ્યા છે.

# DGCAએ ઈન્ડિગોના ચાર અધિકારીઓ સામે કડક કાર્યવાહી કરી સસ્પેન્ડ કર્યા

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૧૨

ડીજીસીએએ ઈન્ડિગોના ચાર અધિકારીઓ સામે કાર્યવાહી કરી છે અને તેમને સસ્પેન્ડ કર્યા છે. આ ચાર અધિકારીઓને ફ્લાઈટ ઓપરેશન્સ ઈન્સ્પેક્ટર તરીકે પોસ્ટ કરવામાં આવ્યા હતા. ડીજીસીએએ તેમની સામે કાર્યવાહી કરી છે, તેમને સલામતી અને સંચાલન પાલન માટે જવાબદાર ઠેરવ્યા છે. આ અધિકારીઓ પર સલામતી અને નિયમોનું ઉલ્લંઘન કરવાનો આરોપ છે. ગુરુવારે એરલાઈનના મુખ્યાલયથી ઈન્ડિગોના ફ્લાઈટ ઓપરેશન્સ, રિફંડ અને અન્ય પ્રક્રિયાઓનું નિરીક્ષણ કરવાનું શરૂ કર્યું. **DGCA** ના અધિકારીઓ હવે દૈનિક અહેવાલો સબમિટ કરશે. ઈન્ડિગો તાજેતરમાં પાઈલટ અને ક્રૂ ડ્યુટી નિયમોનું પાલન કરવામાં નિષ્ફળ ગઈ, જેના પરિણામે અસંખ્ય ફ્લાઈટ રદ કરવામાં




આવી અને મુસાફરોને નોંધપાત્ર અસુવિધા થઈ. પ્રવાસન ક્ષેત્રને પણ કરોડો રૂપિયાનું નુકસાન થયું.

ઈન્ડિગોના સીઈઓ પીટર આલ્બર્સ ડીજીસીએ સમક્ષ હાજર થશે. ડીજીસીએએ સ્થાનિક એરલાઈનમાં વ્યાપક કામગીરીમાં વિક્ષેપોના મૂળ કારણો ઓળખવા માટે સંયુક્ત ડિરેક્ટર જનરલ સંજય બ્રહ્મણે, ડેપ્યુટી ડિરેક્ટર જનરલ અમિત ગુપ્તા, સિનિયર ફ્લાઈટ ઓપરેશન્સ ઈન્સ્પેક્ટર કપિલ માંગલિક અને લોકેશ રામપાલ સહિત ચાર સભ્યોની પેનલની રચના કરી હતી.

# આગામી છ મહિના સુધી આવશ્યક સેવાઓ માટે એસ્મા લાગુ કરતી યુપી સરકાર

(એચ.એસ.એલ),લખનૌ,તા.૧૨

ઉત્તર પ્રદેશ સરકારે આગામી છ મહિના માટે આવશ્યક સેવાઓ જાળવણી અધિનિયમ, જેને એસ્મા તરીકે પણ ઓળખવામાં આવે છે, લાગુ કર્યો છે. આ હેઠળ, તમામ રાજ્ય સરકારી વિભાગો, કોર્પોરેશનો અને સત્તાવાળાઓમાં કામ કરતા કર્મચારીઓ દ્વારા હડતાળ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. રાજ્યમાં હવે કોઈ પણ સરકારી કર્મચારી હડતાળ કરી શકશે નહીં. રાજ્ય સરકાર દ્વારા જારી કરાયેલ એક સૂચનામાં જણાવાયું છે કે, ઉત્તર પ્રદેશ આવશ્યક સેવાઓ જાળવણી અધિનિયમ, ૧૯૬૬ (યુ.પી. અધિનિયમ નં. ૩૦ ઓફ ૧૯૬૬) ની કલમ ૩ ની પેટા-કલમ (૧) હેઠળ તેની સત્તાનો ઉપયોગ કરીને, રાજ્ય



સરકારે સૂચનાની તારીખથી છ મહિનાના સમયગાળા માટે હડતાળ પર પ્રતિબંધ મૂક્યો છે. રાજ્યમાં વીજળી કર્મચારીઓ દ્વારા સંભવિત હડતાળને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે. સરકાર દ્વારા જારી કરાયેલા આદેશમાં જણાવાયું છે કે આ પ્રતિબંધ રાજ્ય સરકારના તમામ વિભાગો, કચેરીઓ, સ્થાનિક સંસ્થાઓ, કોર્પોરેશનો, બોર્ડ અને સત્તાવાળાઓને લાગુ પડશે. જો કોઈ કર્મચારી હડતાળ કરશે તો કાનૂની કાર્યવાહી કરવામાં આવશે.

# કર્ણાટકમાં હોટલ, રેસ્ટોરન્ટ, દુકાનના નામ કન્નડમાં લખવા રાજ્ય સરકારનો આદેશ

બેંગ્લુરૂ,તા.૧૨

કર્ણાટકમાં તેની પ્રાદેશિક ભાષાને પ્રોત્સાહન આપવા માટે એક આદેશ જારી કરવામાં આવ્યો છે. કન્નડ અને સંસ્કૃતિ મંત્રી શિવરાજ તંગડગીએ શુક્રવારે જણાવ્યું હતું કે કર્ણાટક સરકારે રાજ્યના તમામ ડેપ્યુટી કમિશનરોને નેમપ્લેટ પર કન્નડ ભાષાના ફરજિયાત ઉપયોગના અમલીકરણ પર કડક દેખરેખ રાખવાનો નિર્દેશ આપ્યો છે. વિધાન પરિષદના સભ્ય ઉમાશ્રીના પ્રશ્નના જવાબમાં મંત્રીએ કહ્યું કે આ સૂચનાઓ કન્નડ ભાષા વ્યાપક વિકાસ અધિનિયમ, ૨૦૨૨ અનુસાર જારી કરવામાં આવી છે. તેમણે કહ્યું કે કાયદાની કલમ ૧૭, પેટા કલમ ૬ હેઠળ, સરકાર અથવા સ્થાનિક સંસ્થાની પરવાનગીથી કાર્યરત તમામ વાણિજ્યિક, ઔદ્યોગિક અને વ્યવસાયિક સંસ્થાઓ, ટ્રસ્ટ, કાઉન્સેલિંગ કેન્દ્રો, હોસ્પિટલો, પ્રયોગશાળાઓ, મનોરંજન કેન્દ્રો અને હોટલોએ ખાતરી કરવી જોઈએ કે ઓછામાં ઓછા ૬૦ ટકા નેમપ્લેટ પર કન્નડ ભાષા પ્રદર્શિત થાય અને તે ટોચ પર દેખાય.

# નવી દિલ્હીમાં પત્નીએ ભરણપોષણનો ઈન્કાર કરી સોનાની બંગડી પણ પાછી આપી દીધી

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૧૨

છૂટાછેડાની કાર્યવાહીમાં સામાન્ય રીતે પૈસા અને મિલકત સંબંધિત આવા દાવાઓનો સમાવેશ થાય છે જેમાં છૂટાછેડા પામેલા યુગલો ઘણીવાર સમાધાન માટે લાંબી કાનૂની લડાઈમાં ફસાઈ જાય છે. પરંતુ સુપ્રીમ કોર્ટ છૂટાછેડાના કેસની સુનાવણી કરી રહી હતી જેને કોર્ટે પોતે "દુર્લભ" સમાધાન તરીકે વર્ણવ્યું હતું, કારણ કે પત્નીએ કોઈ પૈસાનો દાવો કર્યો ન હતો. હકીકતમાં, મહિલાએ છૂટાછેડા માટે અરજી કરતી વખતે કોઈ ભરણપોષણ માંગ્યું ન હતું. વધુમાં, તેણીએ તેના પતિની માતાએ તેમના લગ્ન સમયે ભેટ આપેલ સોનાની બંગડી પાછી આપવાની ઈચ્છા પણ વ્યક્ત કરી હતી. અહેવાલ મુજબ, આ કેસ ન્યાયાધીશ જે.બી. પારડીવાલા અને કે.વી. વિશ્વનાથનની બેન્ચ સમક્ષ આવ્યો હતો.

# બંગાળમાં બાબરી મસ્જિદના શિલાન્યાસ બાદ હવે કોલકાતામાં રામજી મંદિર બનાવવાની યોજના સામે આવી

(એચ.એસ.એલ),કોલકતા,તા.૧૨

પશ્ચિમ બંગાળમાં ધાર્મિક સંવેદનશીલતાનો એક નવો યુગ શરૂ થયો છે. મુર્શિદાબાદ જિલ્લામાં બાબરી મસ્જિદની પ્રતિકૃતિના નિર્માણની ઘટનાના થોડા દિવસો પછી, કોલકાતાના બિધાન નગર (સોલ્ટ લેક) માં અયોધ્યા શૈલીનું રામ મંદિર બનાવવાની યોજના સામે આવી છે. સ્થાનિક ભાજપ નેતા દ્વારા લગાવવામાં આવેલા પોસ્ટરોએ રાજકીય ઉથલપાથલ મચાવી છે, જે આગામી વિધાનસભા ચૂંટણી પહેલા પક્ષો વચ્ચેના તીવ્ર ધ્રુવીકરણને પ્રતિબિંબિત કરે છે. ૬ ડિસેમ્બરના રોજ, ૧૯૯૨ ના બાબરી મસ્જિદ ધ્વંસની વર્ષગાંઠ પર, સસ્પેન્ડ કરાયેલા ટીએમસી ધારાસભ્ય હુમાયુ કબીરે મુર્શિદાબાદના રેજીનગરમાં બાબરી મસ્જિદના મોડેલ પર બનેલી મસ્જિદનો શિલાન્યાસ કર્યો. આ ઘટના અભૂતપૂર્વ સુરક્ષા વચ્ચે થઈ હતી, જેમાં મુસ્લિમ બહુમતીવાળા જિલ્લામાં તણાવ પ્રવર્તી રહ્યો હતો. તે જ દિવસે, ભાજપે મુર્શિદાબાદના બંજાતિયા મણીન્દ્ર નગરમાં રામ મંદિરના નિર્માણ માટે શિલાન્યાસ સમારોહ કર્યો હતો.

# કોંગો અને રવાન્ડા વચ્ચેના સંઘર્ષમાં અત્યારસુધીમાં ૪૦૦ લોકોના મોત

(એચ.એસ.એલ),ગોમા,તા.૧૨

કોંગો અને રવાન્ડા વચ્ચે સંઘર્ષ વધ્યો છે. પ્રાદેશિક અધિકારીઓએ જણાવ્યું હતું કે રવાન્ડા સમર્થિત M૨૩ બળવાખોર જૂથોએ પૂર્વીય કોંગોના દક્ષિણ કિવુ પ્રાંતમાં તેમના હુમલાઓ વધુ તીવ્ર બનાવ્યા છે, જેમાં છેલ્લા કેટલાક દિવસોમાં ૪૦૦ થી વધુ નાગરિકો માર્યા ગયા છે. અધિકારીઓનો દાવો છે કે રવાન્ડાના વિશેષ દળો વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ શહેર ઉવિરામાં હાજર છે. આ નવો હુમલો ગયા અઠવાડિયે વોશિંગ્ટનમાં કોંગો અને રવાન્ડાના રાષ્ટ્રપતિઓ દ્વારા યુએસ મધ્યસ્થી હેઠળ શાંતિ કરાર પર હસ્તાક્ષર થયા હોવા છતાં થયો છે.

ગયા અઠવાડિયે જ, યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે વોશિંગ્ટનમાં કોંગો અને રવાન્ડા વચ્ચે એક કરાર કર્યો હતો. પરંતુ હવે તે તૂટી ગયો છે. કારણ એ છે કે M૨૩ તે કરારમાં સામેલ ન હતો. બળવાખોર જૂથ કોંગો સાથે અલગથી વાટાઘાટો




કરી રહ્યું છે, અને બંને પક્ષો આ વર્ષની શરૂઆતમાં જાહેર કરાયેલ યુદ્ધવિરામનો ભંગ કરવાનો એકબીજા પર આરોપ લગાવી રહ્યા છે. તેમ છતાં, કરાર રવાન્ડાને સશસ્ત્ર જૂથોને ટેકો આપવાનું બંધ કરવા અને દુશ્મનાવટનો અંત લાવવાની ફરજ પાડે છે. "ઉવિરા અને પ્રાંતીય રાજધાની બુકાવુ વચ્ચેના વિસ્તારમાં ગોળીબાર, ગ્રેનેડ અને બોમ્બ વિસ્ફોટમાં ૪૧૩ થી વધુ નાગરિકો, જેમાં ઘણી મહિલાઓ, બાળકો અને યુવાનોનો સમાવેશ થાય છે, માર્યા ગયા છે," દક્ષિણ કિવુ સરકારના પ્રવક્તાએ બુધવારે મોડી રાત્રે એક નિવેદનમાં જણાવ્યું હતું.

# ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકામાં એઆઈ નિયમો પર કડક વલણ અપનાવ્યું

(એચ.એસ.એલ),વોશિંગ્ટન,તા.૧૨

રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકામાં એઆઈ નિયમો પર કડક વલણ અપનાવ્યું છે. આના ભાગ રૂપે, ટ્રમ્પે એક નવો કાર્યકારી આદેશ જારી કર્યો. આ આદેશનો હેતુ વ્યક્તિગત યુએસ રાજ્યોને પોતાના નિયમો બનાવવાથી અટકાવવાનો છે, આમ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ઉદ્યોગની પ્રગતિમાં અવરોધ ઊભો થાય છે. ટ્રમ્પ દલીલ કરે છે કે જો દરેક રાજ્ય પોતાના નિયમો બનાવે છે, તો કંપનીઓએ ૫૦ સ્ત્રોતો પાસેથી મંજૂરી લેવી પડશે, જેના કારણે ચીન સામે વૈશ્વિક એઆઈ સ્પર્ધામાં અમેરિકા પાછળ રહી જશે.

તેમના આદેશ અંગે, ટ્રમ્પે જણાવ્યું હતું કે વિશ્વ એઆઈ માટે દોડી રહ્યું છે. ચીનમાં, કંપનીઓને ફક્ત એક સ્ત્રોત પાસેથી મંજૂરી લેવાની જરૂર છે. જો કે, જો યુએસના વિવિધ રાજ્યોમાં ૫૦ અલગ અલગ નિયમો હોય, તો



ઉદ્યોગ પ્રગતિ કરી શકશે નહીં.

ટ્રમ્પના નવા આદેશ વિશે વાત કરીએ તો, તેમાં કેટલાક મુખ્ય પગલાં સામેલ છે. આદેશ હેઠળ, એટર્ની જનરલને રાજ્યોમાં પ્રતિબંધિત એઆઈ કાયદાઓને પડકારવા માટે એક નવું ટાસ્ક ફોર્સ બનાવવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. બીજી બાજુ, વાણિજ્ય વિભાગને કંપનીઓ માટે બોજારૂપ બની રહેલા નિયમોની સૂચિ તૈયાર કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. આદેશમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે અતિશય કડક **AI** નિયમો લાદવાથી બ્રોડબેન્ડ અને અન્ય સરકારી ગ્રાન્ટ કાર્યક્રમો માટે ભંડોળનો સામનો કરવો પડી શકે છે.

# અમરેલી ૧૧.૪૪ ડિગ્રી તાપમાન સાથે રાજ્યનું સૌથી ઠંડુ શહેર બન્યું, ગુજરાતમાં ઠંડીને કારણે લોકો ઠુંઠવાયા

અમદાવાદ,તા.૧૨



ગુજરાતમાં ઠંડીએ જોર પકડ્યું છે. ઉત્તર અને પૂર્વ દિશાથી આવતા ઠંડા પવનોના કારણે સવારે અને રાત્રે હાડ થીજવી નાખે તેવી ઠંડી પડી રહી છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ આ સ્થિતિ ૧૪ ડિસેમ્બર સુધી યથાવત્ રહેવાની શક્યતા છે. પવનની ગતિ વધુ હોવાથી લઘુત્તમ તાપમાનમાં મોટો ઘટાડો નહીં થાય, પરંતુ ઠંડીનો અહેસાસ લોકોને સતાવતો રહેશે. અમરેલીમાં ૧૧.૪૪ ડિગ્રી, કંડલા એરપોર્ટ પર ૧૧.૭ ડિગ્રી, વડોદરામાં ૧૨ ડિગ્રી, રાજકોટમાં ૧૨.૫ ડિગ્રી, ગાંધીનગરમાં ૧૩ ડિગ્રી, ડીસામાં ૧૨.૭ ડિગ્રી, મહુવામાં ૧૨.૭ ડિગ્રી, કેશોદમાં ૧૨.૩ ડિગ્રી, અમદાવાદમાં ૧૩.૪ ડિગ્રી, વિદ્યાનગરમાં ૧૪.૪ ડિગ્રી, ભુજમાં ૧૪.૬ ડિગ્રી, ભાવનગરમાં ૧૪.૬ ડિગ્રી, સુરેન્દ્રનગરમાં ૧૪.૨ ડિગ્રી અને દીવમાં ૧૪.૮ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. સૌરાષ્ટ્ર-કચ્છના મોટાભાગના વિસ્તારોમાં તાપમાન ૧૧થી ૧૩ ડિગ્રીની આસપાસ રહ્યું છે, જ્યારે ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતમાં ૧૩-૧૪ ડિગ્રીની આસપાસ રહ્યું છે. આગામી ૨૪ કલાક સંપૂર્ણપણે શુષ્ક હવામાન રહેશે કોઈ વરસાદની શક્યતા નથી. તેમજ ૪૮ કલાક પછી લઘુત્તમ તાપમાનમાં ૨ થી ૩ ડિગ્રીનો વધારો શક્ય છે.

# ભુજમાં મનમેળ ન હોવાથી પતિએ પત્નીને સરાજાહેર ધારીયાના ઘા ઝીંકી રહેંસી નાખી

**બંને પતિ-પત્ની છેલ્લાં ઘણા સમયથી અલગ રહેતા હોવાનું સામે આવ્યું**

ભુજ,તા.૧૨



ભુજમાં દાદુપીર રોડ પર ગઈકાલે રાત્રે એક ચકચારી હત્યાનો બનાવ બન્યો હતો. ૨૫ વર્ષીય આમરીન અલાના પઢિયારની તેના પતિ ફિરોઝ ઈબ્રાહિમ સિદીએ તીક્ષ્ણ હથિયારના ઘા મારી જાહેરમાં જ હત્યા કરી હતી. આરોપી પતિ હત્યા બાદ પોલીસ સમક્ષ હાજર થયો હતો.

આ અંગે ભુજ નાયબ પોલીસવડા એમ.જે. ક્રિશ્ચિયને આ અંગે વિગતો આપતા જણાવ્યું હતું કે, ફિરોઝે દાદુપીર માર્ગ પરથી પસાર થતી તેની પત્ની આમરીન પર પાછળથી ધારિયાના અનેક ઘા ઝીક્યા હતા. તેણે પોલીસ મથકે હાજર થઈને કબૂલ્યું હતું કે, તેણે તેની પત્નીની હત્યા કરી છે. મૃતક આમરીન અને આરોપી ફિરોઝના લગ્ન દોઢ વર્ષ પહેલા થયા હતા. જોકે, બંને વચ્ચે મનમેળ ન હોવાથી તેઓ અલગ રહેતા હતા. આરોપી ફિરોઝ તેની પત્ની પર શંકા રાખતો હતો અને ગુસ્સામાં રહેતો હતો, જે આ હત્યાનું કારણ બન્યું છે.

# શિહોર પોલીસે ટ્રકમાંથી વિદેશી દારૂની ૧૧ હજારથી વધુ બોટલ ઝડપી

ભાવનગર,તા.૧૨

ભાવનગર જિલ્લાની સિહોર પોલીસ સ્ટેશનનો સ્ટાફ ગુરુવારે પેટ્રોલીંગમાં હતો. ત્યારે પોલીસ ટીમને બાતમી મળી હતી કે ભાવનગરથી વલ્લભીપુર હાઈવે રોડ પરથી નેસડા ગામ પાસે એક ટ્રક પસાર થવાનો છે. આ ટ્રકમાં ચોરખાનું છે અને દારૂની હેરાફેરી થવાની છે. આ બાતમી પગલે નેસડા ગામ બસ સ્ટેશનમાં વોચમાં રહેતા સિહોર પોલીસને બાતમીવાળી ટ્રક મળી આવ્યો હતો. તપાસ કરતા ટ્રકમાંથી દારૂનો જથ્થો હાથ લાગ્યો હતો. ટ્રકચાલક દિનેશકુમાર રુગનાથરામ ખીલેરીની પૂછપરછ દરમિયાન ટ્રકમાં નીચેના ભાગે ચોરખાનું હોવાનું ખુલવા પામતા પોલીસે તેની તપાસ કરી હતી. તેમાંથી દારૂની બોટલ અને બીયર ટીન મળીને ૧૧,૬૭૬ બોટલ મળી આવી હતી. કુલ ૪૬,૬૬,૫૬૦ કિંમતનો દારૂ પોલીસે જપ્ત કર્યો હતો. પોલીસે કુલ રૂ. ૫૬,૭૮,૬૦ કિંમતનો મુદ્દામાલ કબ્જે લઈને ટ્રકચાલક અને દારૂ મોકલનાર સુરેશરામ ભાખરારામ જાટ બાડમેરના રહેવાસી તેમજ દારૂનો જથ્થો મંગાવનાર વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# દમણના આંટીયાવાડ વિસ્તારના તળાવમાં ન્હાવા પડેલા ચાર બાળકો ડૂબ્યા, ત્રણના મોત

દમણ,તા.૧૨



સંઘપ્રદેશ દમણના આંટીયાવાડ વિસ્તારમાં તળાવમાં ડૂબી જતા ત્રણ બાળકોના મોત થતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ હતી. હિંગળાજ તળાવમાં ૭ બાળકો નાહવા પડ્યા હતા. તેમાંથી ૪ બાળકો ડૂબ્યા હતા. ઘટનાને કારણે દોડધામ મચી ગઈ હતી. બાળકોને ડૂબતા જોઈ એક યુવકે તળાવમાં કૂદી ૧ બાળકને બચાવી લીધો હતો. બનાવની જાણ થતાં જ પોલીસ અને ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને તળાવમાં શોધખોળ હાથ ધરી હતી. કડકડતી ઠંડીમાં પણ મોડી રાત સુધી પોલીસ અને ફાયર બ્રિગેડની ટીમોએ શોધખોળ ચાલુ રાખી હતી. ઘટનાને લઈ દમણના રાજકીય અગ્રણીઓ પણ સ્થળ પર પહોંચ્યા હતા. કલાકોની શોધખોળ બાદ આખરે ત્રણેય બાળકોના મૃતદેહ મળી આવ્યા હતા. તેમને પોસ્ટમોર્ટમ કરાવવા સહિતની કાર્યવાહી હાથ ધરી હતી. આમ એક સાથે ત્રણ બાળકોના ડૂબી જવાથી મોતને કારણે સમગ્ર પંથકમાં ગમગીનીનો માહોલ છવાયો હતો.

# સાસરિયા રૂ.૫૦ લાખ માંગતા હોવાથી ગોંડલના યુવાનનો ઝેરી દવા પી આપઘાત

રાજકોટ,તા.૧૨

રાજકોટના ગોંડલમાં એક યુવકે સાસરિયાના ત્રાસથી આપઘાત કરી લીધો હોવાનો બનાવ પ્રકાશમાં આવ્યો છે અને યુવકની નોટ પણ મળી હોવાનું જાણવા મળી રહ્યું છે. ગોંડલના નાગડકા રોડ પર આવેલી તિરૂમાલા રેસિડેન્સીમાં રહેતા કાલરીયા ડેનિશ મનસુખલાલ નામના યુવાને જીવન ટૂંકાવી લીધું હોવાનું સામે આવ્યું છે. પ્રાથમિક માહિતી અનુસાર, ડેનિશભાઈએ જીવન ટૂંકાવતા પહેલા કૌટુંબિક ભાઈને મોબાઈલ પર લોકેશન મોકલ્યું હતું, જેના આધારે પરિવારજનો તેમને સાંજે ૬ વાગ્યાથી શોધી રહ્યા હતા. આશરે બે કલાકની શોધખોળ બાદ, અનિડાના સીમ વિસ્તારમાં રહેતા મજૂરો દ્વારા તેમને બાઈક પર બેસાડી તાત્કાલિક સારવાર અર્થે ગોંડલની એક ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, પરંતુ દુર્ભાગ્યવશ, હોસ્પિટલ પહોંચે તે પહેલાં જ તેમનું કરૂણ મૃત્યુ નિપજ્યું હતું. ઘટનાની જાણ થતાં જ ગોંડલ તાલુકા પોલીસ તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખાતે પહોંચી હતી અને મૃતદેહનો કબજો મેળવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# અંકલેશ્વર નજીક ટ્રક સાથે અથડાયા બાદ રીક્ષા-બાઈકમાં આગ લાગતા મહિલા ભડથુ, ત્રણ ઘાયલ

ભરૂચ,તા.૧૨



શુક્રવારના રોજ વહેલી સવારે અંકલેશ્વર-વાલિયા રોડ પર ભયાનક અકસ્માત સર્જાયો હતો. રીક્ષા-બાઈક વચ્ચે ટક્કર બાદ આગ લાગી હતી. જેમાં એક મહિલા જીવતી ભૂંજાઈ છે, તો અન્ય ચાર લોકો દાઝ્યા છે. પ્રાપ્ત માહિતી અનુસારા, ભરૂચના અંકલેશ્વર વાલિયા રોડ પર ટ્રક, બાઈક અને રીક્ષા વચ્ચે ગોઝારો અકસ્માત સર્જાયો હતો. જેમાં અકસ્માતમાં રીક્ષા અને બાઈકમાં ભીષણ આગ લાગી હતી. આ ઘટનામાં એક મહિલા ગંભીર રીતે દાઝી જતા ઘટના સ્થળે મોત નિપજ્યું છે. જ્યારે ૩ વ્યક્તિ ગંભીર રીતે દાઝી જતા ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા સારવાર અર્થે ખસેડાયા છે. આ ઘટનામાં ચંપાબહેન વસાવા નામના મહિલા આગમાં જીવતા સળગી ગયા હતા. પોલીસ દ્વારા અકસ્માતના ચોક્કસ કારણો જાણવા માટે તપાસ હાથ ધરવામાં આવી છે. હાલમાં બંને વાહનો ધડાકાભેર ભટકાતા અકસ્માત થયો હોવાનું પ્રાથમિક અનુમાન છે.

# અમદાવાદમાં આગામી તા.૨૫થી સાત દિવસ સુધી કાંકરિયા કાર્નિવલનું ભવ્ય આયોજન

અમદાવાદ,તા.૧૨




દર વર્ષે ડિસેમ્બર મહિનાના અંતિમ દિવસોમાં મેટ્રો સિટી અમદાવાદમાં યોજાતા કાંકરિયા કાર્નિવલને લઈ મોટી અપડેટ સામે આવી છે. વાસ્તવમાં આ વર્ષે પણ ૨૫ ડિસેમ્બરથી ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ સુધી કાંકરિયા કાર્નિવલ યોજાનાર હોય તેની તમામ તૈયારીઓ લગભગ પૂર્ણ થઈ ચૂકી છે. આ વર્ષે પણ એએમસી દ્વારા કાર્નિવલને વિશિષ્ટ બનાવવાના અનેક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. વિગતો મુજબ કાંકરિયા કાર્નિવલ ૨૦૨૫નો ઉદ્‌ઘાટન કાર્યક્રમ ૨૫ ડિસેમ્બર, સાંજે ૭ વાગ્યે રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે થશે. અમદાવાદમાં ૨૫ ડિસેમ્બરથી ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ સુધી ચાલનારા કાંકરિયા કાર્નિવલ ૨૦૨૫ દરમિયાન ગુજરાતી સંગીત અને મનોરંજનના અનેક દિગ્ગજ કલાકારો લાઈવ પર્ફોર્મન્સ કરશે. જેમાં સંભવિત રીતે કિર્તીદાન ગઢવી, પ્રિયંકા બાસુ, સંકેત ખંડેર બેન્ડ, પાર્થ ઓઝા, શિવાની દેસાઈ, ગીતાબેન રબારી, નિરજ ગજ્જર, અક્ષય તમયચા, મિતાલી નાગ, મનન દેસાઈ, ઓમ ભટ્ટ, દિપ વૈદ્ય, ચિરાયુ મિસ્ત્રી (સ્ટેન્ડઅપ કોમેડી), બ્રીજદાન ગઢવી, ઈશાની દવે સહિતના લોકો લાઈવ પર્ફોર્મન્સ કરશે. કાંકરિયા કાર્નિવલ ૨૦૨૫માં પ્રવેશની વાત કરીએ તો પ્રવેશનો સમય સવારે ૪:૦૦ થી રાત્રે ૧૦:૦૦ સુધીનો હશે.

# ફાયર સેફ્ટીના નિયમોનું પાલન ન કરવા બદલ અમદાવાદમાં વધુ એક કોલેજને કરાઈ સીલ

અમદાવાદ,તા.૧૨



અમદાવાદ શહેરમાં આવેલી વધુ એક કોલેજ વિરુદ્ધ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી છે. શહેરમાં ચાલતી શૈક્ષણિક સંસ્થાઓમાં બિલ્ડિંગ યુઝ પરમિશન અને ફાયર સેફ્ટી NOCના નિયમોનું પાલન ન થતું હોવાથી, એએમસીએ આજે વિવેકાનંદ કોલેજને સીલ કરી દીધી છે. એએમસીના અધિકારીઓના જણાવ્યા અનુસાર, વિવેકાનંદ કોલેજ દ્વારા નિર્ધારિત સમય મર્યાદામાં બિલ્ડિંગ યુઝ પરમિશન અને ફાયર સેફ્ટી માટેનું નો-ઓબ્જેક્શન સર્ટિફિકેટ મેળવવામાં આવ્યું ન હતું. આ નિયમોનું ઉલ્લંઘન થતાં, વિદ્યાર્થીઓની સુરક્ષા અને ઈમારતના કાયદાકીય પાસાંઓને ધ્યાનમાં રાખીને AMC દ્વારા કોલેજને સીલ મારવાની ફરજ પડી છે. શહેરમાં શાળાઓ અને કોલેજો સહિતની અનેક મોટી ઈમારતોમાં ફાયર સેફ્ટી અને બીયુ પરમિશનના નિયમોનું પાલન ન થતું હોવાની ફરિયાદો બાદ એએમસી દ્વારા મોટા પાયે સીલિંગની ઝુંબેશ શરૂ કરવામાં આવી છે.

# અમદાવાદના શહેરકોટડા વિસ્તારમાંથી ૭૭ લાખનો વિદેશી દારૂ મળ્યો

અમદાવાદ,તા.૧૨



અમદાવાદમાં શહેરકોટડા પોલીસને બાતમી મળી હતી કે, શહેરકોટડા વિસ્તારમાં આવેલા સીયા રોડલાઈન્સ ગોડાઉનમાં સંતરાની આડમાં મોટાપાયે વિદેશી દારૂનો જથ્થો છુપાવવામાં આવ્યો છે. પોલીસે બાતમીના આધારે ઘટનાસ્થળે દરોડા પાડ્યા હતા. ગોડાઉનથી રૂ.૭૭,૫૪,૭૮૪/- કિંમતની ભારતીય બનાવટના વિદેશી દારૂની ૧૫૯૯૬ જેટલી બોટલનો જથ્થો ઝડપી પાડ્યો હતો. પોલીસે એક વાહન, ૨ મોબાઈલ ફોન, રોકડા સહિત કુલ રૂ.૧,૦૨,૭૫,૩૧૪/- નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

# રાજ્ય સરકારે ગ્રામીણ કમ્પ્યુટર ઉદ્યોગસાહસિક તરીકે કામ કરતા ગ્રામીણ યુવાનો માટે વેતન નક્કી કર્યું

અમદાવાદ,તા.૧૨



ગુજરાત સરકારે ગ્રામ્ય વિસ્તારોમાં ઈ-સેવાઓ પૂરી પાડવા માટે ઈ-ગ્રામ વિશ્વગ્રામ યોજના લાગુ કરી છે. ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે શુક્રવારે જાહેરાત કરી હતી કે સરકારે નિર્ણય લીધો છે કે ગ્રામીણ કમ્પ્યુટર ઉદ્યોગસાહસિક તરીકે કામ કરતા ગ્રામીણ યુવાનોને હવે દરેક કામ માટે ઓછામાં ઓછા ૨૦ રૂપિયા મળશે. તેમણે ઉમેર્યું હતું કે રાજ્ય સરકારે ગ્રામીણ નાગરિકોને શહેરી વિસ્તારોમાં ઉપલબ્ધ માહિતી ટેકનોલોજી સેવાઓ જેવી જ સેવાઓ પૂરી પાડવા માટે ઈ-ગ્રામ વિશ્વગ્રામ યોજના લાગુ કરી છે. આ યોજનામાં ૭/૧૨ અને ૮-એ દસ્તાવેજો, આધાર કાર્ડ, ખેડૂત નોંધણી, ટેકાના ભાવ કૃષિ પેદાશો ખરીદવા, જન્મ અને મૃત્યુ પ્રમાણપત્રો, આવક પ્રમાણપત્રો આપવા અને રેશન કાર્ડમાં ફેરફાર માટે ફોર્મ ભરવા જેવી સેવાઓનો સમાવેશ થાય છે.








